PRGI.NO.GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

www. drashtikonejanvani.in

Drashtikone Janvani (Daily) Surat

| Year- 01 | Issue-121 | Editor - Gajera Divya | Date: 31 July-2026 Friday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani@gmail.com | Mo. 96876 77873

# ગુજરાતમાં ભારે વરસાદનું રેડ અલર્ટ

**31 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ, વડોદરા, નવસારી, ખેડા, ડાંગ, નર્મદા, આણંદ બાદ હવે છોટા ઉદેપુરમાં પણ શુક્રવારે ભારે વરસાદના એલર્ટના પગલે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. આંગણવાડીથી લઈ કોલેજ સુધીનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.**

31 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ, વડોદરા, નવસારી, ખેડા, ડાંગ, નર્મદા, આણંદ બાદ હવે છોટા ઉદેપુરમાં પણ શુક્રવારે ભારે વરસાદના એલર્ટના પગલે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. આંગણવાડીથી લઈ કોલેજ સુધીનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ આદેશ અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે. જેમાં તમામ સરકારી, અનુદાનિત (ગ્રાન્ટેડ) અને સ્વનિર્ભર (પ્રાઈવેટ) શાળાઓ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને તમામ અધ્યાપન મંદિરો તેમજ કોલેજો આ સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે.



જિલ્લા વહીવટીતંત્ર અને DEO દ્વારા તમામ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો અને સંચાલકોને કડક સૂચના આપવામાં આવી છે કે, રજા અંગેની માહિતી વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુધી WhatsApp, SMS કે અન્ય માધ્યમો દ્વારા તાત્કાલિક પહોંચાડવામાં આવે. આ સાથે જ અફવાઓથી બચીને આગામી સમયમાં તંત્ર દ્વારા મળતી માત્ર અધિકૃત સૂચનાઓનું જ ચુસ્તપણે પાલન કરવા જણાવાયું છે.

અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીને પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સાવચેતીના પગલારૂપે AMC સંચાલિત તમામ આંગણવાડીઓ સોમવાર (ત્રીજી ઓગસ્ટ 2026) સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારે વરસાદ દરમિયાન બાળકોને અવરજવરમાં કોઈ મુશ્કેલી ન પડે તેમજ સંભવિત જોખમોને ટાળી શકાય તે માટે AMC સંચાલિત તમામ આંગણવાડીઓમાં કામગીરી તા. 03 ઓગસ્ટ 2026 સુધી સ્થગિત રહેશે.


31મી જુલાઈના રોજ ભારે વરસાદની આગાહીના પગલે વડોદરા શહેરની સ્કૂલો અને કોલેજો બંધ રાખવાનો તંત્ર નિર્ણય લીધો છે.

## 'શું આજકાલ ન્યાયાધીશ જ ન્યાયાધીશોની પસંદગી કરે છે?' CEC મુદ્દે સુપ્રીમ કોર્ટનો કેન્દ્ર સરકારને સવાલ

સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂકમાં કેન્દ્રની ભૂમિકા પર મહત્વપૂર્ણ ટિપ્પણી કરી. કોર્ટે કહ્યું કે ચૂંટણી કમિશનર તટસ્થ હોવા જોઈએ અને પસંદગી સમિતિમાં નિષ્પક્ષતા દેખાવી જોઈએ. 2023ના નિમણૂક કાયદા સામેની અરજીઓ પર સુનાવણી દરમિયાન, જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની બેંચે 2:1ની બહુમતીવાળી સમિતિ પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે આ મામલો મોટી બેંચને સોંપવો કે નહીં તે અંગેનો નિર્ણય અનામત રાખ્યો છે.




મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂકમાં કેન્દ્ર સરકારની દખલગીરી અને મોટી ભૂમિકાને લઈને સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ચૂંટણી કમિશનર એક તટસ્થ અને સ્વતંત્ર વ્યક્તિ હોવા જોઈએ. પસંદગી સમિતિમાં નિષ્પક્ષતા માત્ર હોવી જ નહીં, પરંતુ સામાન્ય જનતાને દેખાવી પણ જોઈએ.



## નેપાળમાં કોમી હિંસા ભડકી: ભારત સરહદે આવેલા બે જિલ્લામાં અનિશ્ચિત મુદત સુધી કરફ્યુ

નેપાળના સુનસરી જિલ્લાના કપ્તાનગંજમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ડીજે સંગીતને લઈને શરૂ થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરિસ્થિતિ વણસતા સિરાહામાં ગુરુવારે બપોરે 2 વાગ્યાથી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાગુ કરાયો છે. પોલીસ ગોળીબારમાં 1 યુવકનું મોત થયું. આ બંને જિલ્લાઓ બિહાર સરહદને અડીને આવેલા છે.

નેપાળના સુનસરી જિલ્લાના કપ્તાનગંજ વિસ્તારમાં બે સમુદાયો વચ્ચે થયેલી હિંસક ઝડપ અન્ય વિસ્તારોમાં ફેલાતી અટકાવવા માટે તંત્રએ મોટો નિર્ણય લીધો છે. પરિસ્થિતિ ગંભીર બનતાં સિરાહામાં ગુરુવારે બપોરે 2 વાગ્યાથી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે. નોંધનીય છે કે સુનસરી અને સિરાહા બંને જિલ્લાઓ ભારતના બિહાર રાજ્યની સરહદને અડીને આવેલા છે. સિરાહાના મુખ્ય જિલ્લા અધિકારી સુરેન્દ્ર પૌડેલે સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ આદેશ આપ્યો છે. ઘટનાની વિગત મુજબ, 26 જુલાઈના રોજ એક સમુદાયના લોકો પવિત્ર જળ લઈને યાત્રા કાઢી રહ્યા હતા.

## મહેસૂલ વિભાગ હસ્તક વર્ગ-3ના કર્મચારીઓની આંતરિક બદલી હવે કલેક્ટર કરી કરશે, રાજ્ય સરકારનો નિર્ણય

ગુજરાત સરકારે મહેસૂલ વિભાગના વર્ગ-3 કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલીની સત્તા હવે સંબંધિત જિલ્લા કલેક્ટરને સોંપી છે. અરજદારોના કામો ઝડપી બને તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. કલેક્ટર હવે સબ રજીસ્ટ્રાર, સર્વેયર અને કારકૂન જેવા કર્મચારીઓની તાકીદના સંજોગોમાં બદલી કરી શકશે. જોકે, આ બદલી જે તે ખાતાના મહેકમ પૂરતી જ મર્યાદિત રહેશે અને હાલના નિયમોનું પાલન કરવું પડશે.

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-3ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તાઓ હવે સીધી સંબંધિત જિલ્લા



કલેક્ટરને પણ સોંપવામાં આવી છે. જ્યારે, જે તે ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે. રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રનું સંપૂર્ણ દેખરેખ અને સંકલન કલેક્ટરઓ દ્વારા કરવામાં આવતું હોય છે. ઘણીવાર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં સ્થાનિક કક્ષાએ કર્મચારીઓની બદલી કરવાની પર્યાપ્ત સત્તા ન હોવાથી અરજદારોના કામો લંબાતા હતા. હવે રાજ્ય સરકારે કલેક્ટર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો નિર્ણય કર્યો છે.

અગાઉ કલેક્ટરને નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની બદલી કરવાની સત્તા હતી. હવે આ નિર્ણયના પરિણામે કલેક્ટરઓ મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-3ના કર્મચારીઓ જેવા કે, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-1, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-2, સિનિયર સર્વેયર, સર્વેયર અને કારકૂન વગેરેની જિલ્લા પૂરતી બદલી કરી શકશે.

## વરસાદી સંકટ ઘેરાયું! AMCમાં કર્મચારી સહિત રાજ્યના તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ રદ

અમદાવાદમાં હવામાન વિભાગે આગામી 3 દિવસ માટે 'રેડ એલર્ટ' સાથે ભારે વરસાદની આગાહી કરી છે. AMCએ 31 જુલાઈ અને 1 ઓગસ્ટના રોજ તમામ અધિકારીઓ-કર્મચારીઓની રજા રદ કરી છે. શુક્રવારે શાળાઓ-કોલેજોમાં રજા જાહેર કરાઈ છે. નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા અપીલ કરાઈ છે. તંત્ર 24 કલાક હાઈ એલર્ટ પર છે. હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ માટે અમદાવાદમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવતીકાલે 31 જુલાઈ અને 1 ઓગસ્ટના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર અને મેયર દ્વારા સમગ્ર તંત્રને 24 કલાક હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે અને તમામ ઝોનમાં વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## ટેકનિકલ ભૂલ કહીને છટકી નહીં શકો!, PM મોદીની પોસ્ટ ગાયબ થવા મામલે Metaના અધિકારીઓને દિલ્હીનું તેડું

વડાપ્રધાન મોદીની ફેસબુક પોસ્ટ હટાવવા મામલે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ મંત્રાલયે મેટાના સિનિયર અધિકારીઓને આગામી 7 થી 10 દિવસમાં દિલ્હી ખાતે હાજર થવા સમન્સ પાઠવ્યું છે. સરકાર આ મામલે માત્ર ટેકનિકલ ભૂલની સ્પષ્ટતા સ્વીકારવા તૈયાર નથી. મેટાએ 28 જુલાઈથી નવા પ્રોટોકોલ અમલમાં મૂકી, આવા હાઈ-પ્રોફાઈલ એકાઉન્ટ્સની દેખરેખ વધારી છે.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફેસબુક પોસ્ટ અસ્થાયી રૂપે દૂર કરવાના મામલે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે (MeitY) મેટા (Meta)ના સિનિયર અધિકારીઓને આગામી 7 થી 10 દિવસમાં દિલ્હી ખાતે હાજર થવા સમન્સ પાઠવ્યું છે. સરકાર આ મામલે માત્ર ટેકનિકલ ભૂલની સ્પષ્ટતા સ્વીકારવા તૈયાર નથી અને કંપની પાસેથી નીતિગત તથા ટેકનિકલ સ્તરે વિગતવાર ખુલાસો માગી રહી છે.

મંત્રાલયના સચિવ એસ. ક્રિષ્નને જણાવ્યું કે ભારત સરકાર પોતાની ચિંતા સીધી રીતે મેટા સમક્ષ રજૂ કરવા માંગે છે. જોકે મેટાએ આ ઘટના અંગે ખેદ વ્યક્ત કરીને પ્રારંભિક સ્પષ્ટતા રજૂ કરી હતી, પરંતુ કેન્દ્ર સરકારે તેને અપૂરતી ગણાવી છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આવી ઘટનાઓ ભવિષ્યમાં ફરી ન બને તે માટે કંપની શું કડક પગલાં લઈ રહી છે તેનો પૂરો હિસાબ આપવો પડશે.

## 'વંદે માતરમ'નું અપમાન કરવું હવે ગુનો, સંસદના બંને ગૃહોમાં બિલ પાસ; ચોમાસું સત્રમાં નહીં આવે 'એક દેશ, એક ચૂંટણી' બિલ

સંસદના ચોમાસું સત્રમાં 'વંદે માતરમ'ના અપમાનને ગુનો ગણાવતું બિલ પસાર થયું છે. જોકે, સરકારે 'એક દેશ, એક ચૂંટણી' બિલ રજૂ નહીં કરવાનો નિર્ણય લીધો છે. આ બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નો કાર્યકાળ લંબાવાયો છે. હવે JPC શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસે પોતાનો રિપોર્ટ સોંપશે, જે બાદ જ કાયદાકીય પ્રક્રિયા આગળ વધશે.



સંસદના ચાલી રહેલા ચોમાસું સત્ર વચ્ચે બે મોટા સમાચાર સામે આવ્યા છે. એક તરફ 'વંદે માતરમ'નું અપમાન કરવાને ગુનો ગણાવતું બિલ સંસદના બંને ગૃહોમાં પાસ થઈ ગયું છે, તો બીજી તરફ સરકાર આ સત્રમાં 'એક દેશ, એક ચૂંટણી' સાથે જોડાયેલું બિલ રજૂ નહીં કરે. 'એક દેશ, એક ચૂંટણી' બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નો કાર્યકાળ લંબાવી દેવાયો છે. હવે આ સમિતિએ પોતાની રિપોર્ટ સંસદના શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસે સોંપવાની રહેશે. 'વન નેશન, વન ઈલેક્શન' સાથે જોડાયેલા બંધારણીય સુધારા વિધેયકની તપાસ કરી રહેલી JPCનો સમયગાળો વધારી દેવાયો છે. JPCનો કાર્યકાળ લંબાવાતાં હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ મામલે આગળની તમામ કાનૂની પ્રક્રિયાઓ શિયાળુ સત્રમાં રિપોર્ટ આવ્યા બાદ જ શરૂ થશે. માર્ચ 2026માં વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM) દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જણાવાયું હતું કે દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાથી સરકારી તિજોરી પરનું ભારણ ઘટશે અને વહીવટી સરળતા રહેશે. આ રિપોર્ટ આવ્યા બાદ જ આ બિલ સત્રમાં આવવાની અટકળો તેજ બની હતી. રિપોર્ટ અનુસાર, દેશમાં એકસાથે ચૂંટણીઓ યોજવાથી 5 વર્ષના સમયગાળામાં ચૂંટણી ડ્યુટીમાં રોકાતા કર્મચારીઓની સંખ્યામાં આશરે 26 લાખ (આશરે 28%)નો ઘટાડો થશે. આ સિવાય ચૂંટણી પ્રક્રિયામાં વપરાતા કામકાજના કુલ દિવસોમાંથી આશરે 1.04 કરોડ દિવસોની મોટી બચત થશે.

## લદાખ પહોંચતા જ સોનમ વાંગચુકે કર્યા સરકારના 'વખાણ'! કહ્યું- ભારતીય રેલવે પર ગર્વ છે



પર્યાવરણવિદ્ સોનમ વાંગચુકે 26 દિવસના અનશન બાદ લદાખ પરત ફરતી વખતે પ્રથમવાર વંદે ભારત એક્સપ્રેસમાં દિલ્હીથી શ્રીનગર મુસાફરી કરી. તેમણે ટ્રેન પ્રવાસના અનુભવો અને ચિનાબ બ્રિજની પ્રશંસા કરતો વીડિયો સોશિયલ મીડિયા 'X' પર શેર કર્યો. તેમણે ભારતીય રેલવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બિરદાવ્યા. આ સાથે, તેમણે સરકારને આંદોલનકારી યુવાનો પર કાનૂની કાર્યવાહી ન કરવાની અપીલ કરી.

પર્યાવરણવિદ્ અને શિક્ષણ સુધારક સોનમ વાંગચુક દિલ્હીના જંતર-મંતર પર સતત 26 દિવસના અનશન બાદ લદાખ પરત ફર્યા છે. દિલ્હીથી શ્રીનગર પાછા ફરતી વખતે તેમણે પહેલીવાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી હતી. ટ્રેન પ્રવાસના પોતાના અનુભવ અને રસ્તામાં આવતા એન્જિનિયરિંગની અજાયબી સમાન ચિનાબ બ્રિજને લઈને તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં તેમણે ભારતીય રેલવે અને દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મુક્ત મને પ્રશંસા કરી છે.

સોનમ વાંગચુકે વીડિયોમાં જણાવ્યું હતું કે, 'મને હંમેશાં રેલવે દ્વારા મુસાફરી કરવી ખૂબ ગમે છે, પરંતુ વંદે ભારત ટ્રેનમાં સફર કરવાનો અનુભવ એકદમ અલગ અને અદ્ભુત રહ્યો છે. રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર બનેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે આર્ચ બ્રિજ (Chenab Railway Bridge) પરથી વંદે ભારત ટ્રેનમાં પસાર થવુ એ અત્યંત સુંદર અનુભવ હતો.

**વલસાડ બ્યુરો**

વલસાડની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

સંદીપ ડી. પટેલ - 63553 97949

204, બીજો માળ, રામકુટીર એપાર્ટમેન્ટ, હનુમાનજી મંદીર પાસે, સબપોસ્ટ ઓફીસ ગલી, છીપવાડ, વલસાડ, તા.જી. વલસાડ

**બીલીમોરા કાર્યાલય**

બીલીમોરાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ભદ્રેશ કુમાર રાણા - 9898086710

વખારિયા બંદર રોડ બંગાલી મીલ સામે બીલીમોરા

**આહવા કાર્યાલય**

આહવા-ડાંગસાપુતારાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

અમિત ચાવડા-90232 56119

ચંદ્રકલા પ્રોવિઝન સ્ટોર સાઈ બજાર, સાપુતારા, ડાંગ

**બારડોલી કાર્યાલય**

સુરત તેમજ તાપી જિલ્લાની પ્રેસ નોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.

ધર્મેશ કંસારા - 76983 97507

303,સીટી સેન્ટર, સરદાર મ્યુઝિયમની સામે, સ્ટેશન રોડ, બારડોલી



# ઉમરપાડામાં કોંગ્રેસની બેઠકમાં જંગલ જમીન ખેડતા ખેડૂતોના હક માટે લડતના નિર્ધાર

## તાલુકા કોંગ્રેસના નવા પ્રભારીનું યુવાનોને કોંગ્રેસ સાથે જોડાવા આહ્વાન; સંગઠન મજબૂત બનાવવા બુથ લેવલે પેજ પ્રમુખોની નિમણૂંક પર ભાર

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-માંગરોળ**

ઉમરપાડા તાલુકા મથક ખાતે તાલુકા મથક ખાતે યોજાયેલ કોંગ્રેસ કાર્યકરોની બેઠકમાં જંગલ જમીન ખેડતા ખેડૂતોના હક્ક અધિકાર માટે તેમજ તાલુકાના પ્રજાજનોને કનડતા પ્રશ્નોના નિરાકરણ માટે લડત નું આયોજન કરાયું હતું હાલમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠન પ્રકલ્પ અંતર્ગત એક તરફ કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા માટે તમામ તાલુકામાં બેઠકો યોજાઈ રહી છે જેના ભાગરૂપે ઉમરપાડા તાલુકા મથક ખાતે તાલુકા કોંગ્રેસના નવા પ્રભારી ઉત્તમભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને કોંગ્રેસ કાર્યકરોની બેઠક યોજવામાં આવી હતી જેમાં તાલુકાના 68 જેટલા ગામોમાં બુથ લેવલે પેજ પ્રમુખોની નિમણૂંક કરવી પડશે અને તાલુકા કોંગ્રેસનું સંગઠન કઈ રીતે મજબૂત બની શકે તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન તેમણે સ્થાનિક કોંગ્રેસ સમિતિને આપ્યું હતું વધુમાં તેમણે જણાવ્યું કે સરકાર આદિવાસીઓની જમીનો મલ્ટીનેશન કંપનીઓને આપવા માંગે છે અને આદિવાસીઓને હાંકી કાઢી વિસ્થાપિત કરવા ના પ્રયાસો કરી રહી છે ત્યારે કોંગ્રેસની સરકાર સામેની લડાઈમાં ઉમરપાડા તાલુકા માંથી વધુમાં વધુ યુવાનો કોંગ્રેસમાં જોડાઈ તેવું આહવાન કર્યું હતું સ્થાનિક જંગલની જમીન ખેડતા ખેડૂતોને સરકાર અન્યાય કરી રહી છે તે હવે ચલાવી લેવાશે નહીં. તમામ સળગતા પ્રશ્નો ના નિરાકરણ માટે કોંગ્રેસ આવનારા સમયમાં આંદોલન કરશે તેમ કહ્યું હતું આ બેઠકમાં સ્થાનિક તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુભાષભાઈ વસાવા, માંગરોળ વિધાનસભા વિસ્તાર યુથ કોંગ્રેસ પ્રમુખ સાગરભાઇ મકવાણા પૂર્વ ઉમરપાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ રામસિંગ વસાવા સહિતના કાર્યકરો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.



તસવીરઃ નિલય ચૌહાણ, માંગરોળ

# સુરત ગ્રામ્યમાંથી વિદેશી દારૂ, જુગાર અને મારામારીના ગુનામાં 3 આરોપીઓ ઝડપાયા

## વિશેષ ઝુંબેશ હેઠળ LCB, પેરોલ-ફર્લો સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની સંયુક્ત કાર્યવાહી, ફરાર અને વોન્ટેડ આરોપીઓની ધરપકડ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-સુરત**

સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા તેમજ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશ દરમિયાન એલસીબી, પેરોલ-ફર્લો સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમોએ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ત્રણ જુદા જુદા ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા છે. સુરત જિલ્લા એલસીબી અને પેરોલ-ફર્લો સ્ક્વોડની ટીમે ચોક્કસ બાતમીના આધારે મહુવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિદેશી દારૂના ગુનામાં છેલ્લા છ મહિનાથી ફરાર રહેલા અલય ઉર્ફે અભય ઉર્ફે ઓભ પટેલને વેલણપુર ગામના નહેર ફળિયામાં આવેલા તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ધરપકડથી બચવા છેલ્લા છ મહિનાથી નાસતો ફરતો હોવાની કબૂલાત કરી હતી. ત્યારબાદ તેને આગળની કાર્યવાહી માટે મહુવા પોલીસને સોંપવામાં આવ્યો હતો. બીજી કાર્યવાહીમાં ઉમરપાડા પોલીસ સ્ટેશનની ટીમે વાડી ગામના સ્ટેશન ફળિયા વિસ્તારમાં બસ સ્ટેશન પાછળ દરોડો પાડી *રણછોડભાઈ રમણભાઈ વસાવા (ઉમર 45 વર્ષ)*ને 'ટાઈમ બજાર'ના આંકડા પર વર્લી મટકાનો જુગાર રમાડતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી જુગારના સાધનો, ડુપ્લિકેટ લિપોવાળી બુક, બોલપેન અને 320 રોકડા કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રીજી કાર્યવાહીમાં સુરત જિલ્લા એલસીબીને મળેલી ખાનગી બાતમીના આધારે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના ગુનામાં વોન્ટેડ શિવમ ઉર્ફે રાજા અમરનાથસિંગ રાજપુત (ઉમર 26 વર્ષ)ને ગંગાધરા ચાર રસ્તા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનામાં સંડોવણીની કબૂલાત કરતાં આગળની કાર્યવાહી માટે તેનો કબજો પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. સુરત ગ્રામ્ય પોલીસે જણાવ્યું છે કે જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ સામે આવી જ રીતે સતત વિશેષ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે અને કાયદાથી ભાગતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# તીર્થધામ સાંકરી ખાતે ગુરુ પૂર્ણિમાની ભક્તિમય અને હર્ષોલ્લાસભેર ઉજવણી

## ભવ્ય ગુરુપૂજન, પ્રેરણાદાયી સભા અને 5 પ્રકારના મેડિકલ કેમ્પમાં 950થી વધુ લાભાર્થીઓ જોડાયા

**ઓલપાડ**

તા. 29 જુલાઈ, 2026 (અષાઢ સુદ પૂર્ણિમા)ના પાવન દિવસે તીર્થધામ સાંકરી ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવની ભક્તિમય અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. ઠાકોરજીને સંતો અને હરિભક્તો દ્વારા વિશિષ્ટ શણગાર અર્પણ કરવામાં આવ્યો હતો. ઘનશ્યામ મહારાજને ફૂલોના વાઘા તથા અક્ષરપુરુષોત્તમ મહારાજને સાબુદાણાથી તૈયાર કરાયેલા કલાત્મક વાઘા ધારણ કરાવવામાં આવ્યા હતા. શણગાર આરતી બાદ સંતો અને હરિભક્તોએ ભાવપૂર્વક ગુરુપૂજન કર્યું હતું. સવારે યોજાયેલી ભવ્ય સભામાં "ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ નિષ્પાપો નિર્ભયઃ સુખી। અક્ષરગુરુયોગેન સ્વામિનારાયણાશ્રયાત્॥" શ્લોકને કેન્દ્રમાં રાખી આધ્યાત્મિક વિચારમંથન કરવામાં આવ્યું હતું. સંતોના પ્રેરણાદાયી પ્રવચનો, બાળકોનું ગુરુભક્તિ નૃત્ય અને મુંબઈથી પધારેલા યુવકો દ્વારા રજૂ કરાયેલા સંવાદે ઉપસ્થિત ભાવિકોને ગુરુના મહિમાનો ઊંડો સંદેશ આપ્યો હતો. સભાના અંતે મંત્રપુષ્પાંજલિ દ્વારા હરિભક્તોએ ગુરુચરણોમાં પોતાની ભક્તિ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ગુરુ પૂર્ણિમાના અવસરે અનેક હરિભક્તો પદયાત્રા કરીને તીર્થધામ સાંકરી પહોંચ્યા હતા. તેમાં સદગવાણ ગામના હરિભક્તોએ અંદાજે 180 કિલોમીટરની પદયાત્રા પૂર્ણ કરી હતી, જ્યારે અન્ય ગામોમાંથી પણ આશરે 1,000 જેટલા પદયાત્રીઓ જોડાયા હતા. સંતોએ તેમનું સ્વાગત કરીને અભિનંદન પાઠવ્યા હતા. આ પાવન પ્રસંગે સમાજસેવાના ભાવ સાથે રક્તદાન, આયુર્વેદ નિદાન, દંત ચિકિત્સા, નેત્ર નિદાન અને રાહતદરે ચશ્મા વિતરણ સહિત કુલ 5 પ્રકારના મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન યજ્ઞમાં સેંકડો સંતો અને હરિભક્તોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું, જ્યારે વિવિધ આરોગ્ય કેમ્પોમાં 950થી વધુ ભાવિકોએ આરોગ્યસેવાનો લાભ લીધો હતો. દિવસભર દરમિયાન આશરે 27,000 જેટલા ભાવિકોએ મંદિરે દર્શનનો લાભ લીધો, જ્યારે 19,000 જેટલા ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. ભક્તિ, સત્સંગ અને સમાજસેવાના સુંદર સમન્વય સાથે ઉજવાયેલો ગુરુ પૂર્ણિમા મહોત્સવ સૌ માટે યાદગાર બન્યો હતો.



તસવીર : ચિંતન પટેલ, ઓલપાડ

# વરિયાવ-છાપરાભાઠા ખાડીના જર્જરિત પુલ પર જોખમી અવરજવર

**સુરત**

વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પરના જર્જરિત કલવર્ટનું વરસાદમાં ધોવાણ થયું હોવા છતાં પાલિકાના બેરિકેડ હટાવીને ફરી જોખમી પુલ પરથી અવરજવર શરૂ કરવામાં આવી છે. જર્જરિત પુલ પરથી બાઈક-મોપેડ સહિતનાં વાહનો પસાર થતાં હોવાથી ગમે ત્યારે અકસ્માત સર્જાવાની ભીતિ વચ્ચે સ્થાનિકોએ પુલને કાયમી ધોરણે બંધ કરવાની માંગ કરી છે. ગત 7મી જુલાઈના ભારે વરસાદ દરમિયાન વરિયાવ-છાપરાભાઠા વિસ્તારમાં ખાડી પરના કલવર્ટ બ્રિજનું ધોવાણ થયું હતું. બ્રિજ જોખમી બન્યો હોવાની જાણ થતાં રાંદેર ઝોન દ્વારા તાત્કાલિક ધોરણે બ્રિજની બંને તરફ બેરિકેડ લગાવી વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. બ્રિજ જોખમી હોવાની સૂચના પણ લગાવવામાં આવી હતી. જોકે, વરસાદે વિરામ લેતાં જ થોડા દિવસોમાં પાલિકાનાં બેરિકેડ હટાવી દેવામાં આવ્યા હતા અને ફરીથી વાહનવ્યવહાર શરૂ થઈ ગયો છે. મોટી સંખ્યામાં બાઈક અને મોપેડ ચાલકો આ પુલનો ઉપયોગ કરી રહ્યા છે. આ માર્ગનો ઉપયોગ શાળા-કોલેજમાં જતા વિદ્યાર્થીઓ પણ કરે છે. જર્જરિત પુલની જોખમી સ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓ પસાર થતા હોવાથી તેઓ અકસ્માતનો ભોગ બને તેવી દહેશત સ્થાનિકોમાં જોવા મળી રહી છે. ખાસ કરીને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને પુલ પર અવરજવર સંપૂર્ણપણે અટકાવવામાં આવે અને બેરિકેડ હટાવી ન શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ કરી છે. નવો બ્રિજ તૈયાર ન થાય ત્યાં સુધી હાલના પુલ પર સંપૂર્ણપણે વાહનવ્યવહાર બંધ રાખવાની અને પુલની બંને તરફ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માંગ કરવામાં આવી છે.

# કામરેજના કરજણમાં દીપડાનો આતંક યથાવતઃ 15 દિવસમાં બીજી ગાયનો શિકાર

## કરજણ કોલોનીમાં મધરાતે હુમલો, ગ્રામજનોમાં ભયનો માહોલ; વન વિભાગને પાંજરું મૂકવાની માંગ

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કરજણ ગામમાં દીપડાનો આતંક યથાવત રહ્યો છે. છેલ્લા 15 દિવસમાં દીપડાએ બીજી વખત ગાયનો શિકાર કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. ઘટનાની જાણ થતાં વન વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી છે અને દીપડાને ઝડપવા માટે પાંજરું મૂકવાની માંગ ઉઠી છે. મળતી માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રે આશરે 2 વાગ્યે કરજણ કોલોની વિસ્તારમાં દીપડાએ એક ગાયને ખેંચીને તેનો શિકાર કર્યો હતો. ઘટનાના પગલે આસપાસના વિસ્તારમાં રહેતા લોકોમાં ભારે દહેશત ફેલાઈ છે. આ અગાઉ પણ અંદાજે 15 દિવસ પહેલાં કરજણ ગામની સીમમાં મહીયાંવશી મહોલ્લા નજીક ખેતરમાં એક ગીર ગાય પર દીપડાએ હુમલો કરીને તેને મારી નાખી હતી. તે સમયે પણ વન વિભાગે સ્થળ પર પહોંચી પાંજરું મૂકવાની કાર્યવાહી હાથ ધરી હતી. વારંવાર બની રહેલી આવી ઘટનાઓને કારણે ગ્રામજનોમાં સુરક્ષાની ચિંતા વધી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે દીપડાને વહેલી તકે પાંજરે પુરવામાં નહીં આવે તો પશુધન ઉપરાંત માનવજીવનને પણ જોખમ ઊભું થઈ શકે છે. સ્થાનિક આગેવાન સોનુ પટેલે જણાવ્યું કે, "15 દિવસ પહેલાં પણ દીપડાએ ગાયનો શિકાર કર્યો હતો અને હવે ફરી કરજણ કોલોનીમાં આ ઘટના બની છે. અમે વન વિભાગને તાત્કાલિક જાણ કરી છે. અધિકારીઓ સ્થળ પર આવી રહ્યા છે અને અમારી માંગ છે કે વહેલી તકે દીપડાને પાંજરે પૂરવામાં આવે, જેથી ગામલોકોમાં ફેલાયેલો ભય દૂર થઈ શકે."

# મહારાજા કૃષ્ણકુમારસિંહજી શાળાના પ્રધાનાચાર્ય "સાંદીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત

## સુરતમાંથી પસંદગી પામેલા એવા ચેતનભાઈ હિરપરા કેળવણીની કેડીના પ્રેરણાસ્ત્રોત

**સુરત**

ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત ભાવપૂજન નિમિતે પોરબંદર ખાતે આવેલ સાંદિપની વિદ્યાનીકેતન દ્વારા આયોજિત 'ગુરૂ ગૌરવ એવોર્ડ વિતરણ સમારોહ-૨૦૨૬'માં ભાગવત કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી)ના અધ્યક્ષ સ્થાને અને ગુજરાતના કેળવણીકારોની પ્રેરક ઉપસ્થિતિમાં સુરતમાંથી ચેતનભાઈ ધીરૂભાઈ હિરપરાને ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરી તેમની પ્રેરણાદાયી સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્ય ભાઈ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની શાળાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરી શિક્ષણ ક્ષેત્રે ગૌરવપદ યોગદાન આપી રાજ્યની વિકાસયાત્રાને ગૌરવાન્વિત કરનારાં શિક્ષકશ્રીઓ અને આચાર્યશ્રીઓને સ્મૃતિચિહ્ન, સન્માનપત્ર અને પુરસ્કારથી સન્માનિત કર્યાં હતાં.ચેતનભાઈ હિરપરા હાલમાં સુરત શહેરના ઉત્રાણ વિસ્તારની મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા, શાળા ક્રમાંક-334 મા આચાર્ય તરીકે ફરજ બજાવે છે. 'મહારાજા કેમ્પસ' તરીકે ઓળખાતા સંકુલમાં આ શાળા સાથે શ્રી પ્રમુખસ્વામી મહારાજ પ્રાથમિક શાળા ક્રમાંક - 346 અને લતા મંગેશકર પ્રાથમિક શાળા ક્રમાંક-355 આવેલ છે. આ કેમ્પસમાં અંદાજિત 4000 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. અહીં સમાજશ્રેષ્ઠીઓ, સરકારી અધિકારીઓ, આચાર્યો, શિક્ષકો, અન્જિનિયરો, ડોક્ટરો, વકીલોનાં સંતાનોની સાથે જ આર્થિક રીતે મધ્યમ તેમજ ખૂબ ઓછી આવક ધરાવતાં વાલીશ્રીઓનાં સંતાનો સાથે અભ્યાસ કરી રહ્યાં છે. સામાજિક સમરસતાનું આનાથી મોટું ઉદાહરણ બીજું ક્યું કોઈ શકે?આ કેમ્પસનાં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસની પરીક્ષાઓની સાથે સાથે સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા લેવાતી જુદી જુદી જ્ઞાનવર્ધક અને કૌશલ્યવર્ધક પરીક્ષાઓ જેવી કે CET, PSE, NMMS, CGMS, જનરલ નોલેજ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, ચેસસ્પર્ધા, ગરબાસ્પર્ધા, ગાયનસ્પર્ધા, સંગીતવાદન સ્પર્ધા વગેરેમાં ઝળહળતી સિદ્ધિઓ મેળવે છે.



તસવીર ઉત્કર્ષ ગલચર, સુરત

# કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ગણદેવી તાલુકાના નુકસાનીના સર્વેની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું

## અસરગ્રસ્તોને નિયમાનુસાર ઝડપી અને પારદર્શક સહાય ચૂકવવા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપતા કૃષિમંત્રી



તસ્વીર ભદ્રેશ રાણા, બીલીમોરા

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ગણદેવી**

ગણદેવી તાલુકામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા માટે રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગુરુવાર સવારે અંબિકા નદી કાંઠે પુર અસરગ્રસ્ત સોનવાડી, સાલેજ અને ગડત ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે અસરગ્રસ્ત ગ્રામજનો સાથે વાતચીત કરી સ્થિતિની સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન કૃષિ મંત્રીશ્રીએ ગ્રામજનોની સમસ્યાઓ સાંભળી મકાન, બાગાયતી પાકો તેમજ પશુધનની હાનિ અંગેની વિગતો મેળવી હતી. આ ઉપરાંત, સરકાર દ્વારા વિતરણ કરવામાં આવતી રાહત-સહાય કામગીરી અંગે ગ્રામજનો પાસેથી ક્ષેત્રિય પ્રતિસાદ (Feedback) મેળવી સ્થળ પર જ વાસ્તવિક પરિસ્થિતિ ચકાસી હતી.આ પ્રસંગે નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ તેમને ભારે વરસાદ બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાહત, બચાવ, પુનઃસ્થાપન અને નુકસાનીના સર્વેની વર્તમાન પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. મંત્રીશ્રીએ પણ સંબંધિત અધિકારીઓ પાસેથી સર્વેની વિગતો મેળવીને સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. અને તમામ અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે દરેક અસરગ્રસ્ત ગામમાં મકાન અને પશુધનના નુકસાનનો સર્વે સંપૂર્ણ પારદર્શક, સચોટ અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવે, જેથી રાજ્ય સરકારના નિયમો મુજબ અસરગ્રસ્તોને સહાયનો લાભ ઝડપથી પહોંચાડી શકાય.આ વેળા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, માજી ધારાસભ્ય પિયુષ દેસાઈ, પ્રાંત અધિકારી મિતેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, શાંતિલાલ પટેલ, શૈલેષ હળપતિ, અલ્પેશ નાયક, સંદીપ નાયક સહિત જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને ગામના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# નવી સિવિલ હોસ્પિટલમાં ઓ.આર.એસ અને સ્તનપાન (બ્રેસ્ટ ફિડિંગ) સપ્તાહની ઉજવણી

## ORS સપ્તાહની ઉજવણી અંતર્ગત નવી સિવિલની કિડની બિલ્ડિંગ ખાતે પોસ્ટર પ્રદર્શન ખુલ્લું મૂકાયું : ORS અને સ્તનપાન જનજાગૃતિના શ્રેષ્ઠ પોસ્ટર મેકર્સને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ

**સુરત**

ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન અને સ્તનપાન (બ્રેસ્ટ ફીડિંગ)ના મહત્વને ઉજાગર કરવા, લોકોને તેના વિશે જાગૃત કરવા દર વર્ષે જુલાઈ મહિનાના છેલ્લા સપ્તાહને ORS અને ઓગસ્ટ મહિના પ્રથમ સપ્તાહને સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે બાળ મૃત્યુદર ઘટાડવા માટે નવી સિવિલના તબીબી અધિક્ષક ડૉ.પારૂલ વડગામાના માર્ગદર્શનમાં નવી સિવિલના બાળરોગ વિભાગ તથા ઈન્ડીયન પીડિયાટ્રીક એસો., સ્ટુડન્ટ નર્સિસ એસો.ના સંયુક્ત ઉપક્રમે નવી સિવિલ હોસ્પિટલની કિડની બિલ્ડિંગ ખાતે જીવનરક્ષક જળ (ઓ.આર.એસ) અને વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ નર્સિંગ વિદ્યાર્થીઓના પોસ્ટર એક્ઝિબિશનને મહાનુભાવોના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સુરત પિડીયાટ્રિક્સ એસો.ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ.પ્રફુલ બાંભરોલીયાએ જણાવ્યું હતું કે, ORS અને સ્તનપાન એ છ મહિના સુધીના બાળકો માટે અમૃત સમાન છે. છ મહિનાથી નાના બાળકોમાં ઝાડા-ઉલ્ટી થાય તો બાળકના શરીરમાંથી પાણી, જરૂરી ખનીજ દ્રવ્ય, સોડિયમ પોટેશિયમ ઝાડા વાટે શરીરમાંથી બહાર નીકળી જાય છે. જેથી બાળકોને ડિહાઈડ્રેશન થવાનું જોખમ વધી જાય છે, અને બાળમૃત્યુ પણ થવાની શક્યતા વધે છે. આવા સમયે ઓ.આર.એસ. પીવડાવવાથી ડિહાઈડ્રેશનની ગંભીર સમસ્યા નિવારી શકાય છે.



તેમણે વધુમાં કહ્યું કે, એક ચપટી મીઠું, એક મુઠ્ઠી ખાંડ, એક ગ્લાસ પાણી અને લીંબુનો રસ એ અતિ ઉત્તમ પ્રયોગ અને ડિહાઈડ્રેશન સામે ઘરેલુ રક્ષાકવચ છે. નવજાત શિશુના સર્વાંગી વિકાસ અને આરોગ્ય માટે માતાનું દૂધ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે બાળકના જન્મ પછી છ મહિના સુધી બાળકના આહારની તમામ જરૂરિયાતો પૂર્ણ કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે. બાળકના જન્મ સમયે અપાતી જન્મ ગુટ્ટી અને મધએ બાળક માટે જોખમકારક છે, જેથી જન્મના એક કલાકમાં જ બાળકને માતાનું દુધ આપવું અનિવાર્ય છે.

ધ ઓલ ઈન્ડિયા ટ્રેઈન્ડ નર્સીસ એસો.(ગુજરાત)ના સેક્રેટરી ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે, ઓરલ ડિહાઈડ્રેશન સોલ્યુશન અને સ્તનપાન(બ્રેસ્ટ ફીડિંગ) નું મહત્વ સમજાવવાનું કામ દેશભરના નર્સિંગના વિદ્યાર્થીઓ કરે છે. આરોગ્યલક્ષી શિક્ષણ સમાજ સુધી પહોંચાડવામાં તબીબો સાથે નર્સિંગ વિદ્યાર્થીઓ અને નર્સિંગ સ્ટાફ કડી સમાન છે. આરોગ્ય ક્ષેત્રે નર્સ એ પરિશ્રમ અને ઉમદા સેવાનું પ્રતીક છે. ઉત્કૃષ્ટ તબીબી સારવાર સાથે સમકાલીન ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને કરૂણામય નર્સિંગ થકી સમાજના આરોગ્ય સુખાકારીમાં સકારાત્મક સુધાર કરવાના ઉદ્દેશથી દરેક પરિસ્થિતિમાં પોતાની સેવાપૂર્તિમાં નર્સિંગ સ્ટાફ સમર્પિત હોય છે એમ જણાવી આજના કાર્યક્રમ થકી જનજન સુધી જાગૃત્તિ સંદેશ પહોંચે અને માતા-બાળકના મૃત્યુદર ઘટે તેમજ તંદુરસ્ત સમાજનું નિર્માણ થયા એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

# ડાંગ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે મંગળભાઈ ગાવીતની નિમણૂંક

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સત્તાવાર જાહેરાત; જનહિતના પ્રશ્નોને અસરકારક રીતે ઉઠાવવાની વ્યક્ત અપેક્ષા કરી, કાર્યકરોમાં ખુશીનો માહોલ**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ડાંગ**



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ડાંગ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષના નેતા તરીકે શ્રી મંગળભાઈ ગાવીતની સત્તાવાર નિમણૂંક કરવામાં આવી છે. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા સત્તાવાર નિમણૂંક પત્ર જાહેર કરવામાં આવ્યો છે. પત્રમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, મંગળભાઈ ગાવીત કોંગ્રેસ પક્ષની વિચારધારા અને સિદ્ધાંતોને અનુરૂપ રહીને ડાંગ જિલ્લાના જનહિતના પ્રશ્નોને જિલ્લા પંચાયત ખાતે અસરકારક રીતે રજૂ કરશે તેમજ પ્રજાના હિતમાં લોકોપયોગી કાર્યોને પ્રાથમિકતા આપશે. મંગળભાઈ ગાવીતની આ નિમણૂંકથી ડાંગ જિલ્લાના કોંગ્રેસ કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જિલ્લા તેમજ તાલુકા સ્તરના કોંગ્રેસ આગેવાનો અને કાર્યકરોએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે અને તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે. કોંગ્રેસના આગેવાનોના જણાવ્યા મુજબ, આ નિમણૂંકથી ડાંગ જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બનશે અને જનસમસ્યાઓના ઉકેલ માટે કોંગ્રેસ વધુ સક્રિય ભૂમિકા ભજવશે

# આહવાના જામનવીહીર ગામના શિક્ષણ, આરોગ્ય અને મહેસૂલી પ્રશ્નો ચગ્યા

**કલેક્ટર પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ગ્રામજનોએ રસ્તા, સ્ટ્રીટ લાઇટ સહિતની પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નો રજૂ કર્યા; ઝડપી નિરાકરણની ખાતરી**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ડાંગ**


તસ્વીર :- પ્રદીપ રાઉત, ડાંગ

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના જામનવીહીર ગામની પ્રાથમિક શાળાની આજે ડાંગ જિલ્લાના કલેક્ટર એન. ડી. પરમારે મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે શાળામાં ચાલી રહેલા શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કર્યું હતું તેમજ શિક્ષકો સાથે વિદ્યાર્થીઓના ભણતર અને શિક્ષણની ગુણવત્તા અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે ગામના આગેવાનો અને સ્થાનિક નાગરિકો સાથે બેઠક યોજાઈ હતી, જેમાં શિક્ષણ, આરોગ્ય અને મહેસૂલી એમ ત્રણ મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત ગ્રામજનોએ ગામમાં રસ્તા અને સ્ટ્રીટ લાઇટ જેવી પ્રાથમિક સુવિધાઓ સંબંધિત પ્રશ્નો રજૂ કર્યા હતા. બેઠક દરમિયાન ગાઢવી હાઈસ્કૂલ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને સંબંધિત પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને લોકોના પ્રશ્નોનો સમયસર નિકાલ લાવવા તેમજ વિકાસલક્ષી કામગીરીને વધુ ગતિ આપવા સૂચના આપી હતી. ગ્રામજનોએ પણ પોતાની સમસ્યાઓ રજૂ કરવાની તક મળતાં સંતોષ વ્યક્ત કર્યો હતો.

# નવસારીમાં પૂરથી 21 હજાર હેક્ટર પાકને નુકસાન, 18 હજારથી વધુ ખેડૂતો અસરગ્રસ્ત

**કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો, કલેક્ટર કચેરીમાં સમીક્ષા બેઠક યોજાશે**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-નવસારી**



દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરના કારણે નવસારી જિલ્લામાં ખેતીને મોટાપાયે નુકસાન થયું છે. પ્રાથમિક અંદાજ મુજબ જિલ્લામાં અંદાજે 21 હજાર હેક્ટર વિસ્તારમાં પાક ધોવાઈ ગયો છે, જેના કારણે 18 હજારથી વધુ ખેડૂતો સીધી રીતે અસરગ્રસ્ત બન્યા છે. પૂરના પાણી ઓસર્યા બાદ ખેતરોમાં ઉભા પાકને ભારે નુકસાન થતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના કૃષિ અને સહકાર મંત્રી જીતુ વાઘાણી આજે નવસારી જિલ્લાના પ્રવાસે પહોંચ્યા હતા. તેમણે સૌથી વધુ અસરગ્રસ્ત બનેલા ગણદેવી તાલુકાના સનવાડી-સાલેજ, કલમઠા અને તલીયારા ગામોની મુલાકાત લઈને ખેડૂતો સાથે સીધી વાતચીત કરી અને નુકસાનની વાસ્તવિક સ્થિતિનો તાગ મેળવ્યો. સ્થળ મુલાકાત બાદ નવસારી કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર તેમજ ખેતીવાડી વિભાગના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાશે. બેઠકમાં વરસાદ અને પૂરના કારણે થયેલા પાકના નુકસાનના પ્રાથમિક સર્વે, ખેડૂતોને મળનારા વળતર તેમજ રાહત કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, "તમામ અસરગ્રસ્ત વિસ્તારોનું સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ગ્રાઉન્ડ ઝીરો પરની સ્થિતિ અને નુકસાનનો સંપૂર્ણ તાગ મેળવ્યા બાદ જ આગામી કાર્યવાહી અને સહાય અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે."

# શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી



**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર**

શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ ધ્યાન મંદિર ખાતે પવિત્ર ગુરુપૂર્ણિમા મહોત્સવની વિવિધ ધાર્મિક કાર્યક્રમોના સાથવારે ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ આધ્યાત્મિક ઉલ્લાસ અને ગુરુભક્તિના પવિત્ર વાતાવરણથી તરબોળ રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરાના સ્વામી સુવિજ્ઞેયાનંદજી મહારાજનું પાવન સાનિધ્ય પ્રાપ્ત થયું. મહારાજે પોતાના પ્રેરણાદાયી અને સરગર્ભિત પ્રવચનમાં ગુરુપૂર્ણિમાના આધ્યાત્મિક મહત્ત્વ, ગુરુ-શિષ્ય પરંપરાનું ગૌરવ તથા જીવનમાં સદ્ગુરુના માર્ગદર્શનની અનિવાર્યતા વિષે સુંદર વિચારો રજૂ કર્યા. તેમણે શ્રી રામકૃષ્ણ, માં શારદાદેવી અને સ્વામી વિવેકાનંદના આદર્શોને જીવનમાં ઉતારી આત્મિક વિકાસ તરફ આગળ વધવા માટે સૌને પ્રેરિત કર્યા હતા, કાર્યક્રમોમાં ધરમપુર, વલસાડ તથા આસપાસના વિસ્તારોમાંથી 180 થી વધુ ઠાકુરભક્તો ઉમંગભેર જોડાયા હતા. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું.

# ડાંગના યુવા પર્વતારોહક ભોવાન રાઠોડનું 'માઉન્ટ યુનમ' સર કરવાના અભિયાન માટે ફ્લેગ-ઓફ

**નિવાસી અધિક કલેક્ટર એચ. એમ. જણકાટે શુભેચ્છા સાથે રવાના કર્યા; જિલ્લા પંચાયત પ્રમુખ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ વધાર્યું મનોબળ**




**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ડાંગ**

ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામના સાહસિક યુવા પર્વતારોહક ભોવાન રાઠોડ હિમાચલ પ્રદેશ સ્થિત 'માઉન્ટ યુનમ' શિખર સર કરવાના પર્વતારોહણ અભિયાનમાં સહભાગી થઈ રહ્યા છે. આ નિમિત્તે આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી, આહવા ખાતેથી નિવાસી અધિક કલેક્ટર શ્રી એચ. એમ. જણકાટે દ્વારા તેમને ફ્લેગ-ઓફ આપી, શિખર સર કરવાની સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીત, સરકારી વિનયન કોલેજ, આહવાના અધ્યાપકો, વિદ્યાર્થીઓ, સ્થાનિક પદાધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને યુવા પર્વતારોહક ભોવાન રાઠોડનું મનોબળ વધાર્યું હતું. સાથે જ સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# દમણમાં ટ્રાફિક સમસ્યા સામે પ્રશાસનની લાલ આંખ: અંબાવાડીની ૧૦ દુકાનો સીલ

**નાની દમણની ઘટના અને કડક ચેતવણી, નાગરિકો દ્વારા ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-દમણ**



તસ્વીર : રાજેશ પુરોહિત, દમણ

સંઘપ્રદેશ દમણમાં ટ્રાફિક વ્યવસ્થાને નાબૂદ કરવા અને માર્ગો પર અડચણરૂપ વાહનોના પાર્કિંગ સામે દમણ પ્રશાસન દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે. મુખ્ય માર્ગો પર આવેલી દુકાનો અને ફૂડ સ્ટોલ પર ખરીદી કરવા આવતા ગ્રાહકો દ્વારા બેફામ રીતે વાહનો પાર્ક કરવાથી ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાતી હોય છે, અને આ બાબતે દુકાનમાલિકોની બેદરકારી સામે આવતા પ્રશાસને કડક કાર્યવાહી હાથ ધરી છે. ગત રોજ પ્રશાસન દ્વારા મોટી દમણના વ્યસ્ત આંબાવાડી વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિકને અડચણરૂપ પાર્કિંગ પ્રત્યે દુકાનદારોની બેદરકારી ધ્યાને આવતા પ્રશાસને ૧૦ જેટલી દુકાનો તાત્કાલિક ધોરણે બંધ (સીલ) કરાવી દીધી છે. આ અગાઉ પણ નાની દમણમાં રાજીવ ગાંધી સેતુની સામે આવેલા ટાવરની તમામ દુકાનો પ્રશાસન દ્વારા બંધ કરાવાઈ હતી. તે સમયે દુકાનમાલિકોને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે જો ભવિષ્યમાં તેમની દુકાન સામે રોડ પર વાહનો પાર્ક થયેલા જણાશે, તો તેની સીધી જવાબદારી દુકાનમાલિકની રહેશે. સાથે જ, દુકાન બહાર ફરજિયાત સિક્યોરિટી રાખવાની શરતે જ દુકાનો ફરી શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. આ કાર્યવાહી વચ્ચે સ્થાનિક નાગરિકો અને જાગૃત ગ્રાહકો દ્વારા પ્રશાસન સમક્ષ બે મહત્વના પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા છે: બિલ્ડરોની ગેરરીતિ સામે તપાસની માંગ: દમણના મોટાભાગના એપાર્ટમેન્ટ્સમાં બિલ્ડરો દ્વારા પાર્કિંગ માટે ફાળવવામાં આવેલી જગ્યાઓમાં ગેરકાયદેસર રીતે દુકાનો બનાવીને વેચાણ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે વાહનો પાર્ક કરવા માટે પૂરતી જગ્યા રહેતી નથી. નાગરિકોની માંગ છે કે પ્રશાસને આ બાબતે પણ તપાસ કરીને કડક કાર્યવાહી કરવી જોઈએ. વાહનચાલકો સામે કાયદાકીય પગલાં: માત્ર દુકાનદારો જ નહીં, પરંતુ રોડ પર બેજવાબદાર રીતે વાહનો પાર્ક કરીને ચાલ્યા જતા વાહન ચાલકો સામે પણ ટ્રાફિક ઈ-ચલણ કે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે, જેથી પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બની રહે.

# ભંડારી સમાજ નારગોલના મહિલા મંડળના પ્રમુખ ભારતી કડુ બન્યા

**તાલીમ અને જાગૃતિ આપવા માટે "કન્યા શક્તિ બ્રિગેડ"ની રચના કરવામાં આવશે**

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ઉમરગામ**



તસ્વીર વિજય રાઠોડ. ઉમરગામ વલસાડ

ભંડારી સમાજ નારગોલના મહિલા મંડળ સમિતિની મુદત પૂર્ણ થતાં ગત તા. 27/07/2026 ના રોજ ભંડારી સમાજ નારગોલની સામાન્ય સભા યોજાઈ હતી. સભા સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારીના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં ઉપસ્થિત મોટી સંખ્યામાં સમાજની બહેનોએ સર્વાનુમતે નવા હોદ્દેદારોની નિમણૂક કરી હતી. નવનિયુક્ત હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ભારતીબેન દિનેશભાઈ કડુ, ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન પ્રકાશભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે અંકિતાબેન કમલેશભાઈ રાઉત, મહામંત્રી તરીકે હાર્દિકાબેન મહેશભાઈ રાઉત, સહમંત્રી તરીકે શ્સુલોચનાબેન જયવંતભાઈ ભંડારી, ખજાનચી તરીકે નીતાબેન રસિકભાઈ પટેલ, સહખજાનચી તરીકે તૃપ્તિબેન જીતેનભાઈ પટેલ, ઓડિટર તરીકે શસંગીતાબેન જયેશભાઈ રાઉત, સલાહકાર તરીકે શહંસાબેન પ્રવીણભાઈ પટેલ, સલાહકાર મંજુલાબેન રામચંદ્રભાઈ રાઉતનો સમાવેશ થાય છે. હોદ્દેદારોની વરણી બાદ પૂર્વ પ્રમુખ શ્રીમતી હંસાબેન પ્રવીણભાઈ પટેલ દ્વારા નવનિયુક્ત પ્રમુખ શ્રીમતી ભારતીબેન કડુને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમણે નવી ટીમને સમાજની મહિલાઓના ઉત્કર્ષ માટે ઉત્તમ કામગીરી કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટી યતીન ભંડારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, હવેથી મહિલા મંડળમાં કુંવારી દીકરીઓને પણ સમાવેશ કરીને તેમને તાલીમ અને જાગૃતિ આપવા માટે "કન્યા શક્તિ બ્રિગેડ"ની રચના કરવામાં આવશે. બેઠકના અંતે આગામી શ્રાવણ માસમાં જગદંબાધામ ખાતે યોજાનાર શ્રી શિવ મહાપુરાણ કથાની તૈયારીઓ અંગે ચર્ચા કરી જરૂરી આયોજન અંગે નિર્ણયો લેવામાં આવ્યા હતા. સભાને મહામંત્રી કિશોરભાઈ રાઉત દ્વારા આભારવિધિ સાથે સંપન્ન કરવામાં આવી હતી.

# ધરમપુર તાલુકાના માંકડબન વિસ્તારના ઢાંકવળમાં દીપડાના આતંકથી ફફડાટ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર**



ધરમપુર તાલુકાના માંકડબન વિસ્તારના ઢાંકવળ ગામમાં દીપડાની સતત હિલચાલને કારણે ગ્રામજનોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. ગામમાં દીપડાએ બે બકરાનો શિકાર કર્યો હોવાની ઘટના બાદ જિલ્લા પંચાયત સભ્ય હિનાબેન નાનુભાઈ દિવાએ ધરમપુર વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસરને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક સમયથી ગામ અને તેની આસપાસના વિસ્તારમાં દીપડાની અવરજવર જોવા મળી રહી છે. બે બકરાના શિકારની ઘટનાથી ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોમાં ચિંતા વધી છે. રોજિંદા કામકાજ માટે લોકો વહેલી સવારે અને સાંજના સમયે જંગલ વિસ્તાર નજીક અવરજવર કરતા હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના બનવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. હિનાબેન દિવાએ રજૂઆતમાં જણાવ્યું છે કે ગ્રામજનોએ અગાઉ વન વિભાગના સ્થાનિક કર્મચારીઓને મૌખિક જાણ કરી હોવા છતાં હજુ સુધી સ્થળ તપાસ, પાંજરું ગોઠવવાની કાર્યવાહી, કેમેરા ટ્રેપ લગાવવાની વ્યવસ્થા કે રાત્રિ પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. અરજીમાં વન વિભાગને તાત્કાલિક ટીમ મોકલી સ્થળ તપાસ કરવા, દીપડાને પકડવા માટે યોગ્ય સ્થળે પાંજરું ગોઠવવા, કેમેરા ટ્રેપ લગાવવા, રાત્રિ પેટ્રોલિંગ વધારવા તેમજ ગ્રામજનોને જરૂરી સાવચેતી અંગે માર્ગદર્શન આપવા માંગ કરવામાં આવી છે. ઉપરાંત દીપડાના હુમલામાં થયેલા પશુ નુકસાનનો સર્વે કરીને નિયમ મુજબ વળતર ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરવાની પણ માંગ કરવામાં આવી છે. હિનાબેન દિવાએ અરજીમાં સ્પષ્ટ જણાવ્યું છે કે આ રજૂઆતને સત્તાવાર પૂર્વ જાણ તરીકે ગણવામાં આવે. જો સમયસર જરૂરી કાર્યવાહી કરવામાં નહીં આવે અને ભવિષ્યમાં કોઈ ગ્રામજન પર દીપડાનો હુમલો થાય અથવા જાનહાનિ સર્જાય તો સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે તેવી પણ નોંધ લેવામાં આવી છે. આ રજૂઆતની નકલ મુખ્ય વન સંરક્ષક, જિલ્લા કલેક્ટર, મામલતદાર તથા ઢાંકવળ ગ્રામ પંચાયતને પણ મોકલવામાં આવી છે. હાલ ગ્રામજનો વન વિભાગ વહેલી તકે અસરકારક કાર્યવાહી કરીને દીપડાને પકડી ગામમાં સુરક્ષાનું માંગ કરી રહ્યા છે.

# આદિવાસી આગેવાનો દ્વારા પૂરગ્રસ્ત ઊંડાચના બાળકોને દફ્તર અને નોટબુકનું વિતરણ


તસવીર : દિપક પટેલ, ખેરગામ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ખેરગામ**

દક્ષિણ ગુજરાતમાં આવેલા વિનાશક પુરમાં અનેક પરિવારોની જિંદગી ધૂળધાણી થઈ ગઈ અને ઘણા પરિવારોના શરીર પર પહેરેલા કપડાં સિવાય કંઈપણ બચ્યું નથી.ત્યારે બીલીમોરા અને ઊંડાચ વિસ્તારમાં આદિવાસી આગેવાનોએ ટીમવર્ક કરી ગુરુપૂર્ણિમા નિમિતે ગરીબ પરિવારોના 110 બાળકો માટે ચોપડા અને દફતર,ચોકલેટ વગેરે આપી ખુશીઓની વહેંચણી કરી છે.આ પ્રસંગે સમસ્ત આદિવાસી સમાજ નવસારી જિલ્લા પ્રમુખ ડો.નિરવ ભુલાભાઈ પટેલ,મુકેશ પટેલ,અરુણ પટેલ,યોગેશ પટેલ,સ્વસ્તિક પટેલ,વિજય પટેલ,પ્રવીણભાઈ,વંશ પટેલ, નરેશ પટેલ, રાહુલ રાઠોડ,જયેશ પટેલ,ડો.હરિભાઈ ભોયા,ડો. શશાંક પટેલ,હર્ષિલ નાયક,અમિત ટંડેલ,જીતેન્દ્ર પટેલ,મુકેશભાઈ પટેલ,મહેશ પટેલ, કમલેશભાઈ, સતિષભાઈ,મનેશભાઈ, પથીક,કાર્તિક,તિલકભાઈ સહીત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડો.નિરવ ભુલાભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ હમેશા ગુરુઓના જ્ઞાનથી પ્રકાશિત રહી છે ત્યારે બાળકોની જિંદગીમા શિક્ષણરૂપી ઉજાસ ફેલાવવાનો અમારી બીલીમોરાની ટીમનો પ્રયાસ સરાહનીય છે અને શિક્ષણ અને આરોગ્ય માટે સમસ્ત આદિવાસી સમાજની ટીમ હમેશા કટીબદ્ધ રહેશે.

તંત્રી સ્થાનેથી...

## ભૂતકાળમાં વસતી ઘટાડવા ઝુંબેશ ચાલતી હતી, હવે વસતી વધારવા પ્રયાસો કરવા પડશે

જન્મદરમાં ઐતિહાસિક ઘટાડો, વૃદ્ધોની વધતી સંખ્યા અને યુવાનોના અભાવ વચ્ચે માનવ સંસ્કૃતિ આજે એક એવા ક્રોસરોડ પર આવીને ઊભી છે જ્યાં 'વસ્તી વિસ્ફોટ' કરતાં પણ વધુ ભયાનક 'વસ્તી પતન' નો ભય સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. આજથી બે કે ત્રણ દાયકા પહેલાં વિશ્વભરના અર્થશાસ્ત્રીઓ, સામાજિક વિજ્ઞાનીઓ અને નીતિનિર્માતાઓ 'વસ્તી વિસ્ફોટ'ના નામે ચિંતા વ્યક્ત કરતા હતા. પૃથ્વી પરના મર્યાદિત સંસાધનો, કુદરતી સંપત્તિનો ક્ષય અને પર્યાવરણીય સંતુલન બગાડવા માટે વધતી વસ્તીને જવાબદાર ગણવામાં આવતી હતી. પરંતુ, આજે સ્થિતિ સંપૂર્ણપણે ઊલટી થઈ રહી છે. હાલના વૈશ્વિક ડેટા અને તાજેતરમાં સામે આવેલા આંકડાઓ એક અત્યંત ચિંતાજનક અને ભયાનક સત્ય તરફ ઈશારો કરે છે: માનવજાત હવે વસ્તી વિસ્ફોટથી નહીં, પણ વસ્તીના પતનથી ભયભીત છે.

તાજેતરમાં જાપાનના આંતરિક બાબતો અને સંદેશાવ્યવહાર મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા વસ્તીના ડેટા માત્ર જાપાન માટે નહીં પરંતુ આખી દુનિયા માટે એક જાગૃતિની ઘંટડી છે. ૪૨ વર્ષમાં પહેલી વાર જાપાનના સ્થાનિક નાગરિકોની સંખ્યા ૧૨ કરોડ (૧૨૦ મિલિયન) થી નીચે ગગડી ગઈ છે. એક જ વર્ષમાં ૯.૧૭ લાખ સ્થાનિક નાગરિકોનો ઘટાડો નોંધાયો છે, જે ૧૯૬૮ પછીનો સૌથી મોટો ઐતિહાસિક ઘટાડો છે. જાપાનમાં આખા વર્ષ દરમિયાન માત્ર ૬.૭૦ લાખ બાળકોનો જન્મ થયો છે, જ્યારે તેની સામે મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૧૫.૯ લાખથી વધુ પહોંચી ગયો છે. એટલે કે જન્મતાં બાળકો કરતાં મૃત્યુ પામતા લોકોની સંખ્યા બમણા કરતાં પણ વધારે છે. સરકારે અનેક નાણાકીય પ્રોત્સાહનો આપ્યા, પરિણીત યુગલોને મદદ કરી, છતાં યુવાનો બાળક પેદા કરવા માટે તૈયાર નથી. આ પરિસ્થિતિ માત્ર જાપાન પૂરતી મર્યાદિત નથી; દક્ષિણ કોરિયા, ચીન, ઈટાલી, જર્મની અને અન્ય વિકસિત દેશો પણ આ જ માર્ગે ચાલી રહ્યા છે.

ભવિષ્યમાં જો વધુ બાળકોને જન્મ આપવામાં નહીં આવે તો સમગ્ર વિશ્વમાં વસ્તી કૂદકે ને ભૂસકે ઘટી જશે. પરંતુ સવાલ એ થાય છે કે યુવા પેઢી બાળકો પેદા કરવાથી કેમ પાછી પાની કરી રહી છે? મોંઘવારી અને આર્થિક બોજ: બાળકનો ઉછેર, શિક્ષણ, અને સ્વાસ્થ્ય સંભાળ એટલી મોંઘી બની ગઈ છે કે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના યુગલો બે કે તેથી વધુ બાળકોનો અતિરિક્ત આર્થિક બોજ ઊંચકવા તૈયાર નથી. આધુનિક યુગમાં મહિલાઓ શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે પુરુષો સમોવડી બની છે.

લગ્ન અને બાળકના ઉછેરની જવાબદારીમાં કારકિર્દી પાછળ છૂટી જવાનો ડર પણ જન્મદરમાં ઘટાડા માટે જવાબદાર છે. નવી પેઢી વ્યક્તિગત સ્વાતંત્ર્ય, પ્રવાસ અને આરામદાયક જીવનશૈલીને વધુ પ્રાધાન્ય આપે છે. પારિવારિક જવાબદારીઓ હવે પ્રાથમિકતા રહી નથી. લગ્ન કરવાની સરેરાશ ઉંમરમાં મોટો વધારો થયો છે. ઘણા લોકો મોડા લગ્ન કરે છે અથવા લગ્ન વગર રહેવાનું પસંદ કરે છે, જેના કારણે પ્રજનનક્ષમતાનો સમયગાળો ઘટી જાય છે. કોઈપણ દેશનું અર્થતંત્ર બે મુખ્ય પાયા શ્રમજીવી યુવાબળ અને વપરાશકર્તાઓ પર ટકેલું હોય છે. જ્યારે જન્મદર ઘટે છે, ત્યારે આ બંને પાયા ધ્રૂજી ઉઠે છે.

જો બાળકોનો જન્મ નહીં થાય તો આગામી ૨૦ થી ૩૦ વર્ષમાં ફેક્ટરીઓ, ઓફિસો, ટેકનોલોજી સેક્ટર અને સેવા ક્ષેત્રમાં કામ કરવા માટે યુવાનો જ નહીં હોય. જાપાનનું ઉદાહરણ આપણી સામે છે, જ્યાં સ્થાનિક કાર્યબળ પૂરું કરવા માટે હવે ૮૬% થી વધુ વિદેશી કામદારો પર નિર્ભર રહેવું પડે છે. જ્યારે કામ કરનારા યુવાનો ઓછા હશે અને નિવૃત્ત વૃદ્ધોની સંખ્યા વધારે હશે, ત્યારે સરકારો પાસે પેન્શન ચૂકવવા માટે કરવેરાનો પૂરતો ટેક્સ બઝેટ નહીં રહે. યુવાન કરદાતાઓ પર અતિરિક્ત કર બોજ વધશે. ઘટતી વસ્તી એટલે કે મકાનો, કાર, કપડાં, ઈલેક્ટ્રોનિક્સ અને ખાધ્ય સામગ્રી ખરીદનારા લોકોની સંખ્યામાં ઘટાડો. આનાથી વૈશ્વિક બજારોમાં કાયમી મંદીનો યુગ શરૂ થઈ શકે છે.

ફક્ત આર્થિક નહીં, પરંતુ ઘટતી વસ્તીના સામાજિક અને માનસિક પરિણામો પણ અત્યંત ગંભીર હશે. ભવિષ્યમાં કાકા, મામા, માસી, ભાઈ, બહેન જેવા પારિવારિક સંબંધો નામશેષ થઈ જશે, કારણ કે સિંગલ-ચાઈલ્ડ ફેમિલી અથવા 'ચાઈલ્ડ-ફ્રી' લાઈફસ્ટાઈલને કારણે પરિવારનું માળખું જ નષ્ટ થઈ જશે. સમાજમાં વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધશે પણ તેમની દેખભાળ કરનાર કોઈ નહીં હોય.

# શું ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાથી મોદીની તાકાત ઓછી થઈ છે?

**પોતાના રાજીનામાના પત્રમાં પ્રધાને લખ્યું કે પદ છોડવું એ વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેમણે આ નિર્ણય એટલા માટે લીધો છે કે છેલ્લા દસ દિવસના ઘટનાક્રમથી તેઓ દુ:ખી થયા છે અને તેઓ દેશવિરોધી તાકાતોને પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવાની તક આપવા માંગતા નથી. પ્રધાનનું રાજીનામું સ્વીકારીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જનરેશન ઝેડ (Gen Z)ના પ્રદર્શનકારીઓના એક શિથિલ ગઠબંધન સામે ઝૂકતા જોવા મળ્યા, જેમણે સ્વતંત્ર ભારતના ઇતિહાસની સૌથી રાજકીય રીતે મજબૂત સરકારોમાંની એકનો સામનો કર્યો અને વિજયી બન્યા.**

૨૫ જુલાઈના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને દિલ્હીના જંતર-મંતર ખાતે ૩૬ દિવસથી 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના બેનર હેઠળ એકત્ર થયેલા વિરોધ પ્રદર્શનકારીઓના દબાણ સામે નમીને પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી. પ્રદર્શનકારીઓએ મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષાના પ્રશ્નપત્રો લીક થવા માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા. ત્યારબાદ તરત જ સીજેપીના પ્રતિનિધિઓએ કેન્દ્રીય મંત્રીઓ જિતેન્દ્ર સિંહ અને જે.પી. નડ્ડા સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જંતર-મંતર ખાતે આંદોલન સમાપ્ત કરવાની જાહેરાત કરી અને જણાવ્યું કે તેમની તમામ માગણીઓ સ્વીકારી લેવામાં આવી છે.

પોતાના રાજીનામાના પત્રમાં પ્રધાને લખ્યું કે પદ છોડવું એ વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેમણે આ નિર્ણય એટલા માટે લીધો છે કે છેલ્લા દસ દિવસના ઘટનાક્રમથી તેઓ દુ:ખી થયા છે અને તેઓ દેશવિરોધી તાકાતોને પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવાની તક આપવા માંગતા નથી. પ્રધાનનું રાજીનામું સ્વીકારીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જનરેશન ઝેડ (Gen Z)ના પ્રદર્શનકારીઓના એક શિથિલ ગઠબંધન સામે ઝૂકતા જોવા મળ્યા, જેમણે સ્વતંત્ર ભારતના ઈતિહાસની સૌથી રાજકીય રીતે મજબૂત સરકારોમાંની એકનો સામનો કર્યો અને વિજયી બન્યા.



આ વિરોધ પ્રદર્શન તાજેતરના વર્ષોમાં મોદી સરકાર સામે જાહેર જનતાના આક્રોશનું સૌથી પ્રત્યક્ષ ઉદાહરણ રહ્યું છે. ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કૂચ કરી રહેલા લોકો પર પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ પછી આ આંદોલનને વધુ વેગ મળ્યો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. ૨૮ જૂને એક્ટિવિસ્ટ અને શિક્ષણશાસ્ત્રી સોનમ વાંગચુક આ આંદોલનમાં જોડાયા અને તેમની માગણીઓના સમર્થનમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા બાદ આ વિરોધ પ્રદર્શને વૈશ્વિક ધ્યાન ખેંચ્યું હતું. જેમ-જેમ તેમનું સ્વાસ્થ્ય બગડતું ગયું તેમ-તેમ ભીડ વધતી ગઈ. ૧૮ જુલાઈના રોજ પોલીસે વાંગચુકને વિરોધ સ્થળેથી બળજબરીપૂર્વક હટાવીને હોસ્પિટલમાં દાખલ કર્યા, જ્યાં તેમણે પોતાના ઉપવાસ ચાલુ રાખ્યા. આખરે સરકારે તેમની માગણીઓ પર વિચાર કરવાની ખાતરી આપ્યા બાદ ૨૪ જુલાઈની વહેલી સવારે તેમણે ઉપવાસ સમાપ્ત કર્યા.

સીજેપી કોઈ વાસ્તવિક રાજકીય પક્ષ નથી, પરંતુ તે યુવાનોની ચિંતાઓ અને અસંતોષ વ્યક્ત કરવા માટેનું એક શક્તિશાળી પ્લેટફોર્મ બની ગયું છે. સીજેપીની સ્થાપના ભારતના મુખ્ય ન્યાયાધીશે પત્રકારત્વ અને સક્રિયતા તરફ વળેલા કેટલાક બેરોજગાર યુવાનોને 'કોકરોચ' (વંદા) તરીકે વર્ણવ્યા પછી થઈ હતી. પાછળથી તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ 'નકલી અને બોગસ ડિગ્રી' ધરાવતા લોકોનો સંદર્ભ આપી રહ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં આ શબ્દ એક મોટા વિવાદનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. આ આંદોલનનું નેતૃત્વ ૩૦ વર્ષીય પોલિટિકલ કમ્યુનિકેશન સ્ટ્રેટેજિસ્ટ અને બોસ્ટન યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અભિજીત દીપકે કર્યું હતું. સીજેપીને ઝડપથી વિશાળ ઑનલાઇન ફોલોઈંગ મળ્યું અને ઈન્સ્ટાગ્રામ પર તેના ફોલોઅર્સની સંખ્યા ૨૬ મિલિયન (૨.૬ કરોડ) સુધી પહોંચી ગઈ.

એ સ્પષ્ટ છે કે આ વિરોધ પ્રદર્શનોએ વડા પ્રધાનની વ્યક્તિગત છબી અને તેમની અજેયતાને ભારે ફટકો પહોંચાડ્યો છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી મોદી સરકારે વિરોધને ક્યારેય સહન કર્યો નથી અને પ્રદર્શનો સામે કડક કાર્યવાહી કરી છે. તેથી જ પ્રધાનનું રાજીનામું ભારતમાં એક મોટી ઘટના તરીકે જોવામાં આવી રહ્યું છે. પરંતુ આ પહેલીવાર નથી જ્યારે તેમણે મોટા વિરોધ પ્રદર્શનોનો સામનો કર્યો હોય, અને એવું પણ નથી કે તેમણે પહેલીવાર પીછેહઠ કરી હોય. ૨૦૨૧માં સરકારે એક વર્ષ લાંબા ખેડૂત આંદોલન પછી કૃષિ કાયદાઓ રદ કર્યા હતા. વિદ્યાર્થીઓના આ વિરોધ પ્રદર્શને ભારતના મધ્યમ વર્ગના એક મોટા વર્ગને સ્પર્શ્યો છે, જે ધાર્મિક, જાતિગત અને ક્ષેત્રીય ઓળખથી ઉપર ઊઠીને શૈક્ષણિક તકો અને નોકરીઓની અછત સામે અવાજ ઉઠાવી રહ્યો છે. સરકારે ચોક્કસપણે નમતું જોખ્યું છે. તેમાં કોઈ શંકા નથી, પરંતુ શું તે સીજેપીના ડરથી નમતું જોખ્યું?

વાસ્તવમાં એવો તર્ક આપી શકાય કે ભાજપ પ્રદર્શનકારીઓથી આગળ જોઈ રહ્યું હતું અને આ આંદોલનથી ઊભી થયેલી રાજકીય લહેરનો લાભ કોને મળી રહ્યો છે તેની ચિંતા કરી રહ્યું હતું. મોદીને ખબર હશે કે પ્રધાનને પદ પર જાળવી રાખવાથી તેમને જેટલું રાજકીય નુકસાન થઈ શકે, તેટલું નુકસાન તેમનું રાજીનામું લઈ લેવાથી નહીં થાય. શક્ય છે કે તેમની બલિ એટલા માટે આપવામાં આવી હોય કારણ કે ભાજપના નેતૃત્વને કંઈક વધુ મહત્ત્વપૂર્ણ ગુમાવવાનો ડર હતો. ૨૦ જુલાઈના રોજ થયેલી હિંસક કાર્યવાહી પછી સરકાર પર દબાણ વધ્યું હતું, જ્યારે પોલીસ અને અર્ધલશ્કરી દળોએ યુવાન પુરુષો અને મહિલાઓ પર લાઠીઓ વડે હુમલો કર્યો હતો અને તેમના પર ટીયર ગેસના શેલ છોડ્યા હતા. મોદીએ હવે બહુવિધ મોરચે મજબૂત વળતી રણનીતિ અમલમાં મૂકી છે. તેમણે સીધો હસ્તક્ષેપ કરીને ટેક-એક્સપર્ટ નંદન નીલેકણીના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની જાહેરાત કરી, જેથી જાહેર પરીક્ષાઓમાં માળખાકીય અને લીક-પ્રૂફ સુધારાઓ સુનિશ્ચિત કરી શકાય.

સરકારે સંસદમાં સુધારેલો 'પબ્લિક એક્ઝામિનેશન્સ એક્ટ' રજૂ કર્યો, જેમાં પ્રશ્નપત્રો લીક કરવા અથવા તેની સાથે ચેડાં કરતા સંગઠિત માફિયા સિન્ડિકેટ માટે ૧૦ વર્ષ સુધીની કેદ અને ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર વિરોધને શાંત પાડવા માટે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો વધારાનો પ્રભાર સોંપવામાં આવ્યો. આ પગલાં મોદી સરકારને તાત્કાલિક સંકટનો સામનો કરવામાં તેમજ વિદ્યાર્થીઓ અને યુવા મતદારો વચ્ચે ફરીથી રાજકીય પકડ મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે છે. જોકે, રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓ આ મુદ્દાને શમવા દેશે નહીં અને સંસદમાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. તેઓ મોદીને ઘેરવાની આ તક ગુમાવવા માંગશે નહીં. પરંતુ કોઈપણ સંકટ કાયમ માટે રહેતું નથી.

# સુરતના મશહૂર શરાફ કુટુંબો અને ઐતિહાસિક વૈભવ

વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિ માટે જરૂરી નાણાકીય વ્યવસ્થા કોઈપણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન ગણાય છે. ઔદ્યોગિક તેમજ વેપારી એકમોને ઘણી વખત સીઝન, બજારની સ્થિતિ અથવા અન્ય આર્થિક પરિબળોના આધારે વધઘટ કરતી નાણાકીય જરૂરિયાતો ઊભી થતી રહે છે. આવા સમયે પોતાની મૂડી સૌથી મહત્ત્વનું પરિબળ ગણાય છે, કારણ કે તેના પર કોઈ વ્યાજ ચૂકવવું પડતું નથી. પરંતુ જ્યારે વેપારના વિસ્તરણ માટે અથવા કોઈ અણધારી કટોકટીના સમયે એકાએક મોટી રકમની જરૂરિયાત ઊભી થાય, ત્યારે તે સમયની શરાફી પેઢીઓ અને શાહુકારો આવી જરૂરિયાત પૂરી કરતા હતા. સુરત સિટી ગાઈડ

સુરત એક જમાનામાં વિશ્વના સૌથી સમૃદ્ધ અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય બંદરોમાંનું એક હતું, જ્યાંથી દેશ-વિદેશ સાથે અવિરત વેપાર થતો હતો. સુરતની અદ્ભુત સમૃદ્ધિ અને જાહોજલાલી પાછળ આ વૈશ્વિક વેપારનો સૌથી મોટો ફાળો હતો. તે સમયની આર્થિક શક્તિ એટલી પ્રચંડ હતી કે મોગલ સામ્રાજ્ય સામે લાંબો સંઘર્ષ ચલાવવા માટે જરૂરી નાણાકીય સાધનો એકત્ર કરવા છત્રપતિ શિવાજી મહારાજ એક કરતાં વધુ વખત સુરત તરફ આકર્ષાયા હતા. સુરત પર તેમણે કરેલી ઐતિહાસિક ચઢાઈ પાછળ માત્ર લૂંટ નહીં, પરંતુ શહેરની અસાધારણ સંપત્તિ પણ એક મહત્ત્વનું કારણ હતી. આજે આપણે સુરતના એ સુવર્ણકાળમાં કાર્યરત શરાફી પરંપરા અને નાણાંની ધીરધાર કરતી પ્રખ્યાત પેઢીઓ વિશે જાણીએ.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતમાં પોતાની પ્રથમ સ્થાયી વ્યાપારી કોઠી સુરતમાં સ્થાપી હતી. ઈ.સ. 1608માં કેપ્ટન વિલિયમ હોકિન્સ મુઘલ દરબાર પાસેથી વેપારની મંજૂરી મેળવવા સુરત આવ્યા હતા, પરંતુ તે સમયે સ્થાનિક રાજકીય પરિસ્થિતિ અને પોર્ટુગીઝોના દબાણને કારણે તેમને સફળતા મળી નહોતી. ત્યારબાદ ઈ.સ. 1612માં કેપ્ટન થોમસ બેસ્ટે સુવાળી (Swally) ખાડી પાસે પોર્ટુગીઝ નૌકાદળને નિર્ણાયક પરાજય આપ્યો. આ વિજયથી પ્રભાવિત થઈને મુઘલ સમ્રાટ જહાંગીરે અંગ્રેજોની શક્તિ સ્વીકારી અને ઈ.સ. 1613માં શાહી ફરમાન જારી કરીને સુરતમાં કાયમી કોઠી સ્થાપવાની મંજૂરી આપી.



પ્રશ્ન થાય કે આટલા વિશાળ દેશમાં અંગ્રેજોએ સુરતને જ કેમ પસંદ કર્યું? તેનું કારણ એ હતું કે તે સમયે સુરત મુઘલ સામ્રાજ્યનું સૌથી મહત્વનું વેપારી બંદર હતું. અહીંથી ઉત્તમ ગુણવત્તાના કાપડ, કપાસ, નીલ (ઇન્ડિગો), મસાલા અને હસ્તકલાની વસ્તુઓનો વિશાળ વેપાર થતો હતો. યુરોપિયન બજારોમાં ભારતીય ચીજવસ્તુઓની ભારે માંગ હતી. અંગ્રેજો પોર્ટુગીઝોના વેપારી એકાધિકારને તોડવા માગતા હતા અને મુઘલ દરબાર સાથે સારા સંબંધો સ્થાપીને કસ્ટમ્સ ડ્યુટીમાં રાહતો તથા સુરક્ષિત વેપારની સગવડ મેળવવા ઈચ્છતા હતા. આ માટે સુરતમાં મજબૂત અને સ્થાયી વેપારી કેન્દ્ર સ્થાપવું તેમના માટે અત્યંત જરૂરી હતું.

સત્તરમી અને અઢારમી સદી દરમિયાન સુરત માત્ર વેપારનું જ નહીં, પરંતુ સમગ્ર દેશના મહત્વના નાણાકીય કેન્દ્રોમાંનું એક હતું. અહીં અનેક શક્તિશાળી શરાફ અને શાહુકાર કુટુંબો કાર્યરત હતા. તેઓ માત્ર નાણાંની લેવડ-દેવડ જ કરતા નહોતા, પરંતુ હૂંડી મોટા પાયે ધિરાણ, ચલણ વિનિમય તેમજ બ્રિટિશ અને ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવી વિદેશી કંપનીઓ સાથે પણ વિશાળ નાણાકીય વ્યવહારો કરતા હતા.

વીરજી વોરાને સત્તરમી સદીના વિશ્વના સૌથી ધનાઢ્ય વેપારીઓમાં સ્થાન આપવામાં આવે છે. તેમની સંપત્તિ તે સમયના ધોરણો પ્રમાણે અકલ્પનીય હતી. તેઓ અંગ્રેજ અને ડચ કંપનીઓને પણ મોટી રકમની લોન આપતા હતા. મસાલા, મોતી, કોરલ, હાથીદાંત અને ચાંદીના વેપારમાં તેમનું પ્રભુત્વ હતું. ઈ.સ. 1664માં છત્રપતિ શિવાજીની સુરત ચઢાઈ દરમિયાન તેમની હવેલી અને સંપત્તિને ભારે નુકસાન થયું હતું, છતાં પોતાની અસાધારણ વ્યવસાયિક કુશળતાના બળે તેમણે ફરીથી પોતાનું વ્યાપાર ઉભું કર્યું.સુરત સિટી ગાઈડ

તપીદાસ પારેખથી શરૂ થઈને તુલસીદાસ પારેખ અને ભીમજી પારેખ સુધી આ કુટુંબ સુરતના સૌથી પ્રતિષ્ઠિત શાહુકારોમાં ગણાતું હતું. તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મુખ્ય બ્રોકર અને હાઉસ શરાફ તરીકે ઈ.સ. 1609થી લઈને અઢારમી સદી સુધી સતત કાર્યરત રહ્યા હતા. ભીમજી પારેખ સુરતના વણિક સમાજના અત્યંત પ્રભાવશાળી આગેવાન હતા અને વિદેશી કંપનીઓ સાથે સારા વેપારી સંબંધો જાળવવામાં તેમનો વિશેષ ફાળો હતો.

સત્તરમી સદીના અંતિમ ભાગમાં સ્થાપિત થયેલી આ શરાફી પેઢીના સ્થાપક વનમાળીદાસ હતા. તેમની શાખાઓ દેશ-વિદેશમાં ફેલાયેલી હતી અને બજારમાં તેમની શાખ તથા વિશ્વસનીયતા અદ્વિતીય માનવામાં આવતી હતી. સમય જતાં તેમણે પોતાનો વેપાર મુંબઈ સુધી વિસ્તૃત કર્યો. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ત્રાવડી કુટુંબ સુરતના સૌથી પ્રભાવશાળી શરાફ કુટુંબોમાંનું એક હતું. સુરતથી લઈને દિલ્હી, ઢાકા અને બનારસ સુધી તેમનું વિશાળ નાણાકીય નેટવર્ક હતું. તેઓ રાજકીય પક્ષોથી દૂર રહીને નિષ્પક્ષ અને વિશ્વસનીય નાણાકીય વ્યવહારો માટે જાણીતા હતા.

પારસી સમાજના રુસ્તમજી માણેક સેઠનું કુટુંબ અંગ્રેજ, પોર્ટુગીઝ અને ડચ કંપનીઓનું અગ્રણી બ્રોકર અને સલાહકાર હતું. સુરતનો જાણીતો 'રુસ્તમપુરા' વિસ્તાર આજે પણ તેમના નામની યાદ અપાવે છે. આ ઉપરાંત હાજી ઝાહિદ બેગ અને અબ્દુલ ગફૂર જેવા મુસ્લિમ વેપારીઓ પણ વિશાળ માલવાહક જહાજોના માલિક હતા અને આંતરરાષ્ટ્રીય વેપારમાં તેમનું આગવું સ્થાન હતું. અમદાવાદનું ઝવેરી કુટુંબ પણ સુરતના નાણાકીય બજારમાં સક્રિય ભૂમિકા ભજવતું હતું. એક સમયનું સુરત 'સોનાની મૂરત' અને આંતરરાષ્ટ્રીય વાણિજ્યનું ધબકતું કેન્દ્ર હતું. આજે પણ એ જ કર્મશીલતા અને સાહસિકતાના બળે સુરત વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. વિશ્વવિખ્યાત હીરા ઉદ્યોગ, વિશાળ ટેક્સટાઈલ અને કાપડ ઉદ્યોગ, આધુનિક નીટીંગ એકમો તેમજ વિવિધ હાઈ-ટેક ઉત્પાદન ક્ષેત્રોના કારણે સુરત આજે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ભારતનું સૌથી ગતિશીલ આર્થિક કેન્દ્ર બની ગયું છે. સુરતની શરાફી પરંપરા અને વેપારી સંસ્કૃતિએ જે મજબૂત પાયો નાખ્યો હતો, તેના પર જ આજના આધુનિક સુરતની સમૃદ્ધિનું ભવ્ય નિર્માણ ઊભું છે.

**સુરત એક જમાનામાં વિશ્વના સૌથી સમૃદ્ધ અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય બંદરોમાંનું એક હતું, જ્યાંથી દેશ-વિદેશ સાથે અવિરત વેપાર થતો હતો. સુરતની અદ્ભુત સમૃદ્ધિ અને જાહોજલાલી પાછળ આ વૈશ્વિક વેપારનો સૌથી મોટો ફાળો હતો. તે સમયની આર્થિક શક્તિ એટલી પ્રચંડ હતી કે મોગલ સામ્રાજ્ય સામે લાંબો સંઘર્ષ ચલાવવા માટે જરૂરી નાણાકીય સાધનો એકત્ર કરવા છત્રપતિ શિવાજી મહારાજ એક કરતાં વધુ વખત સુરત તરફ આકર્ષાયા હતા. સુરત પર તેમણે કરેલી ઐતિહાસિક ચઢાઈ પાછળ માત્ર લૂંટ નહીં, પરંતુ શહેરની અસાધારણ સંપત્તિ પણ એક મહત્ત્વનું કારણ હતી. આજે આપણે સુરતના એ સુવર્ણકાળમાં કાર્યરત શરાફી પરંપરા અને નાણાંની ધીરધાર કરતી પ્રખ્યાત પેઢીઓ વિશે જાણીએ.**



# કરિશ્મા તન્નાના ઘરે ગુંજી કિલકારીઃ ૪૨ વર્ષની ઉંમરે અભિનેત્રીએ પુત્રને આપ્યો જન્મ; ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે ચાહકો સાથે શેર કર્યા આનંદના સમાચાર!

મુંબઈ : બોલિવૂડ અને ટેલિવિઝન ક્ષેત્રની જાણીતી અભિનેત્રી કરિશ્મા તન્નાના આંગણે ખુશીઓનો માહોલ છવાયો છે. ૪૨ વર્ષની વયે કરિશ્મા તન્નાએ એક સુંદર પુત્રને જન્મ આપીને માતૃત્વ ધારણ કર્યું છે. સોશિયલ મીડિયા પર પોતાના પતિ વરુણ બંગેરા સાથે સંયુક્ત પોસ્ટ શેર કરીને આ ખુશખબર ફેન્સ અને મિત્રો સાથે શેર કરતાં જ અભિનંદનની વર્ષા શરૂ થઈ ગઈ છે.

કરિશ્માએ સોશિયલ મીડિયા પર બાળકના પિન્ક કલરના ટેગ વાળા ક્યૂટ પગની એક તસવીર શેર કરી છે, જેના પર લખ્યું છે "હેય, હી ઈઝ હિયર" (તે આવી ગયો છે). આ ખાસ તસવીર સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, "ગુરુ પૂર્ણિમાના અત્યંત પવિત્ર દિવસે, ૨૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ આપણો સૌથી મોટો આશીર્વાદ આપણી જિંદગીમાં આવ્યો છે. દુનિયામાં તારું સ્વાગત છે - કરિશ્મા અને વરુણ."

આ આનંદના સમાચાર સામે આવતાં જ બોલિવૂડ અને ટીવી જગતમાંથી અભિનંદનનો અંબાર લાગી ગયો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, ખુશી કપૂર, નેહા ધૂપિયા અને અનુષ્કા રંજન સહિત અનેક જાણીતી હસ્તીઓએ કરિશ્મા અને તેના પતિને શુભેચ્છા પાઠવી છે. પ્રેગ્નન્સીના છેલ્લે દિવસ સુધી જીમમાં જઈને પોતાની ફિટનેસ જાળવી રાખનાર કરિશ્મા સમગ્ર ગર્ભાવસ્થા દરમિયાન સોશિયલ મીડિયા પર બેબી બમ્પની તસવીરોથી ચર્ચામાં રહી હતી.

ઉલ્લેખનીય છે કે, કરિશ્મા અને વરુણ ૨૦૨૧ થી ડેટ કરી રહ્યા હતા અને ૫ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ બંનેએ લગ્ન કર્યા હતા. કરિશ્માએ એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે તે શરૂઆતમાં બાળકો માટે માનસિક રીતે તૈયાર નહોતી, પરંતુ સમય જતાં માતૃત્વની આ નવી સફર માટે ખૂબ જ ઉત્સાહિત થઈ ગઈ હતી. વર્કફ્રન્ટની વાત કરીએ તો, કરિશ્માની નેટફ્લિક્સ સિરીઝ 'સ્કૂપ' એ વૈશ્વિક સ્તરે એવોર્ડ જીતીને ભારે વાહવાહ મેળવી હતી, જે બાદ તે 'કોલ મી બે' માં પણ મહત્વના રોલમાં જોવા મળી હતી.

# ઓગસ્ટ મહિનો બ્લોકબસ્ટર મહિનો રહેશેઃ બ્લોકબસ્ટર ફિલ્મો રિલીઝ થશે



**મુંબઇ**

ઓગસ્ટ મહિનો ફિલ્મ પ્રેમીઓ માટે ખાસ બનવાનો છે. આ મહિને તમને મનોરંજનનો સંપૂર્ણ ડોઝ મળશે. આ મહિને, થિયેટરોમાં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો રિલીઝ થશે. જુલાઈની જેમ, તમે આ મહિને પણ મનોરંજનનો સંપૂર્ણ ડોઝ માણશો. આ મહિને, ફક્ત એક કે બે નહીં, પરંતુ ૧૨ બ્લોકબસ્ટર ફિલ્મો થિયેટરોમાં હિટ થશે. તમને એક્શનથી લઈને ક્રાઈમ, થ્રિલર અને રોમાંસ સુધીની દરેક વસ્તુનો સંપૂર્ણ ડોઝ મળશે. તો ચાલો સંપૂર્ણ યાદી પર એક નજર કરીએ...

ઓગસ્ટની શરૂઆત રાજકુમાર રાવની ફિલ્મ પ્રહાર - ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી થી થશે. રાજકુમાર રાવ આ ફિલ્મ માટે સમાચારમાં છે. આ એક ભારતીય કોર્ટરૂમ ડ્રામા અને બાયોગ્રાફિકલ ફિલ્મ છે. આ ફિલ્મનું દિગ્દર્શન વિનાશ અરુણ ધાવરે દ્વારા કરવામાં આવ્યું છે. રાજકુમાર પ્રહારમાં સરકારી વકીલ ઉજ્જવલ નિકમની ભૂમિકા ભજવે છે. આ ફિલ્મ ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

ડીસીઃ એક તમિલ રોમેન્ટિક એક્શન-થ્રિલર ફિલ્મ છે જેનું નિર્દેશન પ્રખ્યાત દિગ્દર્શક અરુણ માથેશ્વરન દ્વારા કરવામાં આવ્યું છે. લોકેશ કનાગરાજ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. લોકેશ કનાગરાજ દેવદાસ તરીકે અને વામિકા ગબ્બી ચંદ્ર તરીકે જોવા મળશે. આ ફિલ્મ ૭ ઓગસ્ટના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આર. માધવનની આગામી બાયોપિક જીડીએન મહાન ભારતીય શોધક અને ઉદ્યોગપતિ ગોપાલસ્વામી દોરાઈસ્વામી નાયડુ (જી.ડી. નાયડુ) ના જીવન પર આધારિત છે, જેઓ ભારતના એડિસન તરીકે જાણીતા છે. આ ફિલ્મ હવે ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તે હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષામાં રિલીઝ થશે. કૃષ્ણ કુમાર રામકુમાર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મમાં પ્રિયામણી, સત્યરાજ અને જયરામ મુખ્ય ભૂમિકાઓમાં છે.મલયાલમ સિનેમાના પીઢ અભિનેતા મોહનલાલની ફિલ્મ થોડક્કમ ૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મનું નિર્દેશન લોકપ્રિય દિગ્દર્શક જુડ એન્થની જોસેફ દ્વારા કરવામાં આવ્યું છે, જેઓ ઓસ્કાર-નોમિનેટેડ બ્લોકબસ્ટર ૨૦૧૮ના નિર્દેશન માટે જાણીતા છે.

સની દેઓલ ફરી એકવાર ધમાલ મચાવવા માટે તૈયાર છે. સનીની ફિલ્મ પાર્ટીશન ૧૯૪૭ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સ્વતંત્રતા દિવસ પર રિલીઝ થવાની છે. તે જ દિવસે બીજી એક મોટી ફિલ્મ પણ રિલીઝ થઈ રહી છે. સનીનો સામનો ઈમરાન હાશ્મીની આવારાપન ૨ સાથે થશે. નોંધનીય છે કે આમિર ખાન દ્વારા નિર્મિત પાર્ટીશન ૧૯૪૭ એક દેશભક્તિપૂર્ણ ફિલ્મ છે. આ ફિલ્મમાં સની દેઓલ, પ્રીતિ ઝિન્ટા, શબાના આઝમી, કરણ દેઓલ અને અલી ફઝલ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. રાજકુમાર સંતોષી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે.

ઈમરાન હાશ્મીની આવારાપન ૨ એક એક્શન-રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે. દિશા પટણી અને શબાના આઝમી પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે. વિશ્વનાથ એન્ડ સન્સ એ અભિનેતા સુર્યા અભિનીત આગામી કૌટુંબિક અને રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે, જે ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. વેંકી અતુલુરી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં મમિતા બૈજુ, રાધિકા સરથકુમાર અને રવિના ટંડન મુખ્ય ભૂમિકાઓમાં છે.

# આમિર ખાનને લૉરેન્સ બિશ્નોઇ ગેંગના નામે ધમકીઃ 'લવ જેહાદ'ના આરોપ વચ્ચે મુંબઇ પોલીસ તપાસમાં જોતરાઇ


**મુંબઈ**



બોલિવૂડ અભિનેતા આમિર ખાન હાલમાં તેમના ત્રીજા લગ્નના વિવાદ અને ઓડિયો ક્લિપ દ્વારા મળેલી ધમકીને કારણે સમાચારમાં છે. હકીકતમાં, બોલિવૂડ અભિનેતા આમિર ખાનને લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા ઓડિયો સંદેશ અને ફેસબુક પોસ્ટ દ્વારા ધમકી આપવામાં આવી છે. વાયરલ ઓડિયોમાં, પોતાને અર્જુ બિશ્નોઈ તરીકે ઓળખાવતો એક વ્યક્તિ આમિર ખાન પર "લવ જેહાદ" ને પ્રોત્સાહન આપવા અને દેશની સંસ્કૃતિ અને સનાતન ધર્મ વિરુદ્ધ કામ કરવાનો આરોપ લગાવે છે. સંદેશમાં તેમને પાઠ ભણાવવાની હાકલ કરવામાં આવી છે. મુંબઈ પોલીસ આ ધમકીભર્યા પોસ્ટ્સ અને ઓડિયો પાછળ કોણ છે તે શોધવાનો પ્રયાસ કરી રહી છે. આ ધમકીભર્યા પોસ્ટ્સ અને ઓડિયો પાછળ કોણ છે તે જાણવાનો પ્રયાસ કરી રહી છે. આ ધમકી સોશિયલ મીડિયા પર અર્જુ બિશ્નોઈ અને ટાયસન બિશ્નોઈના નામે દેખાઈ હોવાનું કહેવાય છે, અને ઓડિયો સાથે શેર કરવામાં આવેલી ફેસબુક પોસ્ટ પણ છે. તપાસ દરમિયાન, પોલીસને મોકલનારનું પ્રારંભિક IP સરનામું સ્વીડનનું હોવાનું જાણવા મળ્યું. જો કે, આરોપીએ પોતાની ઓળખ અને સ્થાન છુપાવવા માટે VPN અને Tor બ્રાઉઝરનો ઉપયોગ કર્યો હતો, જેના પરિણામે IP સરનામું સતત બાઉન્સ થતું રહ્યું. આ કેસમાં કોઈ સત્તાવાર FIR દાખલ કરવામાં આવી નથી, પરંતુ પોલીસ સાયબર ટીમ સંદેશાઓ મોકલનારને ઓળખવા અને IP સરનામાંને ટ્રેક કરવા માટે કામ કરી રહી છે.આ વિવાદ આમિર ખાનના ત્રીજા લગ્ન પછી શરૂ થયો હતો. આમિર ખાને 5 જુલાઈના રોજ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કર્યા હતા. આ એક ખાનગી સમારોહ હતો જેમાં પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. આ દંપતીએ સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ તેમના લગ્ન નોંધાવ્યા હતા.લગ્ન પછી, કેટલાક વ્યક્તિઓ અને સંગઠનોએ આમિર ખાન પર લવ જેહાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો.




# અનુભવી બેટ્સમેન અજિક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



**ટેસ્ટ ક્રિકેટમાં સંકટમોચન ગણાતા રહાણેએ સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરીને ક્રિકેટના તમામ આંતરરાષ્ટ્રીય ફોર્મેટને અલવિદા કહ્યું : ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૦-૨૧ની ઐતિહાસિક બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં કેપ્ટનશીપ કરીને ભારતને શ્રેણી વિજય અપાવવામાં ભજવી હતી યાદગાર ભૂમિકાઃ ઘર આંગણે અને વિદેશની કઠિન પીચો પર ભારતીય મિડલ ઓર્ડરની મજબૂત દીવાલ બનીને અનેક મેચોમાં ટીમ ઈન્ડિયાને જીત અપાવી**

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ ટીમ અને ચાહકો માટે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના અનુભવી અને મિડલ ઓર્ડરના ભરોસાપાત્ર બેટ્સમેન અજિક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. લાંબા સમયથી ભારતીય ટીમની બહાર ચાલી રહેલા રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટને અલવિદા કહીને પોતાના શાનદાર આંતરરાષ્ટ્રીય કરિયરનો અંત આણ્યો છે. રહાણેના આ નિર્ણયથી ક્રિકેટ જગતમાં અને તેના ચાહકોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

અજિક્ય રહાણેએ પોતાના અધિકૃત સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ભાવુક સંદેશ શેર કરીને પોતાની નિવૃત્તિની માહિતી આપી હતી. તેણે લખ્યું હતું કે, ભારત માટે રમવું એ મારા જીવનનું સૌથી મોટું સન્માન રહ્યું છે. બ્લુ જર્સી પહેરીને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો અહેસાસ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. મારી આ સફરમાં સાથ આપનાર તમામ કોચ, સાથી ખેલાડીઓ, બીસીસીઆઈ અને ખાસ કરીને દેશના ક્રિકેટ ચાહકોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

અજિક્ય રહાણેને ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમના સંકટમોચન તરીકે ઓળખવામાં આવતો હતો. જ્યારે પણ ટીમ મુશ્કેલીમાં હોય ત્યારે રહાણે પોતાની શાંત અને સંયમિત બેટિંગથી ટીમને ઉગારી લેતો હતો. રહાણેના કરિયરનો સૌથી યાદગાર તબક્કો ૨૦૨૦-૨૧નો ઓસ્ટ્રેલિયા પ્રવાસ હતો, જ્યારે વિરાટ કોહલીની ગેરહાજરીમાં તેણે ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કર્યું હતું. એડિલેડ ટેસ્ટમાં ભારતીય ટીમ ૩૬ રનમાં ઓલઆઉટ થઈ ગયા પછી, રહાણેએ પોતાની અદભુત કેપ્ટનશીપ અને મેલબોર્નમાં ફટકારેલી શાનદાર સદીના દમ પર ભારતને ગબ્બા ટેસ્ટ જીતાડીને ઐતિહાસિક શ્રેણી વિજય અપાવ્યો હતો.

રહાણેએ ભારત માટે અસંખ્ય યાદગાર ઈનિંગ્સ રમી છે. ઈંગ્લેન્ડના લોર્ડ્ઝ ગ્રાઉન્ડ પર રમેલી સદી હોય કે દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડની કઠિન પીચો પર રમેલી લડાયક ઈનિંગ્સ, રહાણેએ હંમેશા મુશ્કેલ પરિસ્થિતિઓમાં રન બનાવ્યા હતા. સ્લિપમાં તેની ક્ષમતા અને ક્ષેત્રરક્ષણ (ફીલ્ડિંગ) પણ ભારતીય ટીમ માટે ખૂબ મહત્વપૂર્ણ રહ્યા હતા.

તેના નિવૃત્તિના નિર્ણય બાદ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત ક્રિકેટ જગતના અનેક દિગ્ગજોએ રહાણેને તેની શાનદાર કારકિર્દી બદલ શુભેચ્છા પાઠવી હતી અને ભારતીય ક્રિકેટમાં તેના અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું.

# બાંગ્લાદેશ ક્રિકેટે એક મોટી જાહેરાત કરી; 2027 ODI વર્લ્ડ કપ સુધી લિટન દાસને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા

**બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે અનુભવી વિકેટકીપર-બેટ્સમેન લિટન દાસને ODI ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા તે મહેદી હસન મિરાઝનું સ્થાન લેશે**



બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ (ICC) આઈસીસી વન-ડે વર્લ્ડ કપ 2027 બનાવવા માટે તૈયાર છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે વન-ડે ટીમના કેપ્ટનને લઈને એક મોટી જાહેરાત કરી છે. દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેન લિટન દાસને વન-ડેના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તે મેહદી હસન મિરાજની જગ્યા લેશે, જે તાજેતરમાં ઝિમ્બાબ્વે સામે તાજેતરમાં વનડે શ્રેણીની હાર બાદ કેપ્ટનશીપમાંથી બહાર થઈ ગયો હતો. .

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) એ સત્તાવાર રીતે લિટન દાસની નિમણૂકની પુષ્ટિ કરી છે. 31 વર્ષીય લિટન હવે બાંગ્લાદેશની વનડે અને ટી20 બંને ટીમોની કેપ્ટનશીપમાં જોવા મળશે. આ પહેલા તે T20I ટીમનું નેતૃત્વ પણ કરી રહ્યો હતો. મેહદી હસન મિરાજ જૂન 2025 થી વનડે ટીમનો કેપ્ટન હતો, પરંતુ બાંગ્લાદેશ આ મહિને ઝિમ્બાબ્વેના પ્રવાસ દરમિયાન શ્રેણી 2-1થી હારી ગયું હતું. ત્યારબાદ બોર્ડે નેતૃત્વ બદલવાનો નિર્ણય કર્યો અને ટીમનું નેતૃત્વ લિટન દાસને સોંપ્યું. હાલમાં બાંગ્લાદેશ ઓસ્ટ્રેલિયા પ્રવાસની તૈયારી કરી રહ્યું છે, જે 13 ઓગસ્ટથી શરૂ થશે.

લિટન દાસ બાંગ્લાદેશના સૌથી અનુભવી ખેલાડીઓમાંના એક છે. તેણે અત્યાર સુધીમાં 104 વનડેમાં 2869 રન બનાવ્યા છે. આ સમય દરમિયાન, તેની બેટિંગ સરેરાશ 30.84 હતી અને સ્ટ્રાઈક રેટ 85.51 હતો. વિકેટકીપિંગ સાથે ટોચના ઓર્ડર પર બેટિંગ કરવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લેતા, બોર્ડે તેમના પર વિશ્વાસ મૂક્યો છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પણ ટીમનું નેતૃત્વ જૂથ બદલ્યું છે. યુવા બેટ્સમેન તવહીદ હરિદોયને વન-ડે ટીમના વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે, જ્યારે નઝમુલ હુસૈન ટેસ્ટ ટીમનો કેપ્ટન બનશે. એટલે કે, બાંગ્લાદેશે વિવિધ બંધારણો માટે એક અલગ નેતૃત્વ વ્યૂહરચના અપનાવી છે. બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠક બાદ બીસીબીના ચેરમેન તમિમ ઈકબાલે કહ્યું હતું કે બોર્ડનો અભિપ્રાય છે કે વિવિધ ફોર્મેટ માટે બે કેપ્ટન હોવા ટીમના હિતમાં છે. તેમના મતે, આ ખેલાડીઓ પર વર્કલોડનું નોંધપાત્ર સંચાલન કરશે અને ટીમ લાંબા સમય સુધી વધુ સારું પ્રદર્શન કરી શકશે. હવે લિટન દાસ આગામી વર્ષે આઈસીસી મેન્સ વનડે કપ 2027 માટે બાંગ્લાદેશની મજબૂત ટીમ તૈયાર કરવા માટે સૌથી મોટો પડકારનો સામનો કરશે. ટીમ અને બોર્ડ બંને આશા રાખે છે કે બાંગ્લાદેશ તેમના નેતૃત્વમાં વૈશ્વિક મંચ પર વધુ સારું પ્રદર્શન કરશે.

# ક્રિકેટ જગતમાં મોટો ફેરફારઃ આઇસીસી રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓનો દબદબો

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવીનતમ રેન્કિંગમાં ભારે ઉથલપાથલ જોવા મળી છે, જેમાં ભારતીય ક્રિકેટરોએ શાનદાર દેખાવ કરીને પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે. એક તરફ ભારતના યુવા ઓપનિગ બેટ્સમેન શુભમન ગિલે વનડે (ODI) ક્રિકેટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે વિશ્વના નંબર-૧ બેટ્સમેન તરીકેનું સ્થાન વધુ મજબૂત કરી લીધું છે, તો બીજી તરફ T20I રેન્કિંગમાં ઉભરતા યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ જબરદસ્ત છલાંગ લગાવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. તાજેતરના સમયમાં શાનદાર લયમાં રમી રહેલા શુભમન ગિલે સતત રન બનાવીને વિશ્વના અન્ય દિગ્ગજ બેટ્સમેનોને પાછળ છોડી દીધા છે અને ODI રેન્કિંગમાં પ્રથમ સ્થાન હાસિલ કર્યું છે. તેની આ સિદ્ધિથી ભારતીય ટીમ માટે વનડે ફોર્મેટમાં બેટિંગ મજબૂતી વધુ વધી છે. બીજી તરફ, T20I ફોર્મેટમાં પોતાના આક્રમક અંદાજ અને શાનદાર રમતથી ક્રિકેટ ચાહકોના દિલ જીતી લેનાર યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ રેન્કિંગમાં મોટી સ્થાનગત છલાંગ લગાવી છે. ખૂબ જ ટૂંકા સમયમાં અનેક ક્રમાંક ઉપર આવીને વૈભવે સાબિત કર્યું છે કે તે આગામી સમયમાં ભારતીય ક્રિકેટ માટે એક મહત્વપૂર્ણ ખેલાડી સાબિત થઈ શકે છે. ICC રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓના આ શાનદાર દેખાવથી ક્રિકેટપ્રેમીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારાના બેડકુવાદુરના મૃતક ખેત મજૂરના પરિવારને સહાય ચેક અર્પણ


તસ્વીર : ગણેશ ગુર્જર, વ્યારા

**સોનગઢ**

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના બેડકુવાદુર ગામે કોતરમાં ડૂબી જવાથી અકસ્માતે મૃત્યુ પામેલા ખેત મજૂરના શોકગ્રસ્ત પરિવારની રૂબરૂ મુલાકાત લઈને વ્યારાના ધારાસભ્ય મોહન કોંકણી દ્વારા રાજ્ય સરકારના માનવ મૃત્યુ સહાય નિયમો હેઠળ રૂ.૪ લાખની નાણાકીય સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. બેડકુવાદુર ગામના ડુંગરી ફળિયા ખાતે રહેતા ૫૮ વર્ષીય જીવણભાઈ ભીમસીંગભાઈ ચૌધરીનું ખેતર પાસેના કોતરમાં પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. ઘટના અંગે તાલુકા પંચાયત અને મહેસૂલ તંત્ર દ્વારા જરૂરી પ્રક્રિયાઓ ત્વરિત પૂર્ણ કરવામાં આવી હતી. ધારાસભ્ય મોહન કોંકણીએ પીડિત પરિવારના ઘરે પહોંચી સાંત્વના પાઠવી હતી અને મંજૂર થયેલી રૂ.૪ લાખની સહાયનો ચેક સ્વ.ચૌધરીજીના ધર્મપત્ની પુનીબેન ચૌધરીને સુપ્રત કર્યો હતો. આ વેળાએ સ્થાનિક જનપ્રતિનિધિ, મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લીમાં 1 થી 7 ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

**અરવલ્લી**

અરવલ્લી જિલ્લામાં તા. 1 થી 7 ઓગસ્ટ, 2026 દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ વર્ષની થીમ "જીવનની ટકાઉ અને સ્વસ્થ શરૂઆત માટે સ્તનપાન: અસરકારક પ્રયાસોને વધુ મજબૂત બનાવીએ" (Breastfeeding for a Sustainable Start in Life: Strengthen What Works) છે. આ ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લાની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ-ભિલોડા, સામુહિક આરોગ્ય કેન્દ્રો (CHC), પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC), આયુષ્માન આરોગ્ય મંદિરો (AAM) તથા સબ સેન્ટરો ખાતે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આરોગ્ય કર્મચારીઓ, આશા કાર્યકરો, ફીમેલ હેલ્થ વર્કર અને આંગણવાડી કાર્યકરો દ્વારા સગર્ભા તથા ધાત્રી માતાઓને સ્તનપાનના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ ફોકલ ગ્રુપ ચર્ચા, આરોગ્ય શિક્ષણ, શપથવિધિ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.

### અરવલ્લીમાં વિશ્વ હિપેટાઇટિસ સપ્તાહની ઉજવણી


તસવીર: જયેશ પટેલ,માલપુર, અરવલ્લી

**અરવલ્લી**

નેશનલ વાયરલ હિપેટાઈટિસ કંટ્રોલ પ્રોગ્રામ (NVHCP) અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તા. 21 થી 28 જુલાઈ, 2026 દરમિયાન વિશ્વ હિપેટાઈટિસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા જાહેર કરાયેલ "Hepatitis: Let's Break It Down" થીમને ધ્યાનમાં રાખી જિલ્લામાં હિપેટાઈટિસ અંગે જનજાગૃતિ, સ્ક્રીનિંગ અને નિવારણલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સબ જેલ, મોડાસા ખાતે વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો હતો, જેમાં અંદાજે 138 બંદીવાન ભાઈઓનું હિપેટાઈટિસ-બી અને હિપેટાઈટિસ-સી માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ICTC મોડાસા, તાલુકા હેલ્થ ઓફિસ મોડાસા તથા શુભિક્ષા સંસ્થાએ સંકલન પૂરું પાડ્યું હતું.

### ગુરુકુળ આશ્રમ વિદ્યાલય ભદરપાડામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી


તસવીરઃ- પ્રદીપ રાઉત ડાંગ

ગુરુકુળ આશ્રમ વિદ્યાલય, ભદરપાડા ખાતે તારીખ ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ 'ગુરુપૂર્ણિમા મહોત્સવ' ની ખૂબ જ ભાવસભર અને અનોખી રીતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

### રાણપુરમાં શ્રી નૂતન શૈક્ષણિક સંકુલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી


તસવીરઃ- લાલજી મેર, બોટાદ

**બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામે આવેલ શ્રી નૂતન શૈક્ષણિક સંકુલ ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવપૂર્વક અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓએ ગુરુના મહિમાને ઉજાગર કરતા સંવાદ, અભિનય, ગીત અને નાટક જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટ રજૂઆતને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા ભેટ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આનંદમય વાતાવરણ સર્જ્યું હતું.

# અંકલેશ્વરના ભડકોદ્રામાં બિહારી યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

## અશોક શર્માએ વૃક્ષ સાથે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું, પોલીસે તપાસ શરૂ કરી

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-અંકલેશ્વર**



અંકલેશ્વરના ભડકોદ્રા ગામની સીમમાં એક યુવાને વૃક્ષ સાથે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. મૃતકની ઓળખ મૂળ બિહારના અને ભડકોદ્રા ગામે ભાથીજી મંદિર નજીક રહેતા અશોક શર્મા તરીકે થઈ છે. મળતી માહિતી મુજબ, અશોક શર્માએ અજાણ્યા કારણોસર વૃક્ષ સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ગુજરાત પોલીસના જીઆઈડીસી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે. સ્થળ પરથી જરૂરી પુરાવાઓ એકત્રિત કરવામાં આવ્યા છે અને સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસ મૃતકના પરિવારજનો અને પરિચિતોના નિવેદનો નોંધી રહી છે. યુવાને આ અંતિમ પગલું કયા સંજોગોમાં ભર્યું તે અંગેનું રહસ્ય અકબંધ છે અને પોલીસે તમામ દિશામાં તપાસ હાથ ધરી છે. જો તમે અથવા તમારી ઓળખમાં કોઈ વ્યક્તિ સતત નિરાશા, આત્મહત્યાના વિચારો અથવા ગંભીર માનસિક તણાવનો સામનો કરી રહ્યા હોય, તો વિશ્વાસુ પરિવારજન, મિત્ર અથવા માનસિક આરોગ્ય નિષ્ણાત સાથે તાત્કાલિક વાત કરવી મહત્વપૂર્ણ છે. સમયસર મદદ મળવાથી પરિસ્થિતિ બદલાઈ શકે છે.

## ભરૂચમાં ચાંદીપુરા વાયરસની આશંકા ખોટી ઠરી: ત્રણેય બાળકોના રિપોર્ટ નેગેટિવ, હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ભરૂચ**

ભરૂચ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ ત્રણ કેસ સામે આવ્યા બાદ આખરે આરોગ્ય વિભાગને મોટી રાહત મળી છે. ઝઘડિયા, ભરૂચ શહેર અને વાલિયા વિસ્તારના ત્રણેય બાળકોના લોહીના નમૂનાઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. સારવાર બાદ ત્રણેય બાળકો સંપૂર્ણ સ્વસ્થ થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ત્રણેય બાળકોને સતત તાવ, ઝાડા-ઊલટી અને ખેંચ જેવી ગંભીર તકલીફો જણાતા વધુ સારવાર માટે કે.એમ.સી.આર.આઈ. સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચાંદીપુરા વાયરસની સંભાવનાને ધ્યાનમાં રાખી તેમના લોહીના નમૂનાઓ તપાસ માટે મોકલાયા હતા અને તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી.

હોસ્પિટલમાં ડૉક્ટરોની સતત દેખરેખ હેઠળ બાળકોને જરૂરી દવાઓ, ઓક્સિજન સપોર્ટ સહિતની તમામ આવશ્યક સારવાર આપવામાં આવી હતી. સમયસર સારવાર અને સતત મોનિટરિંગના કારણે ત્રણેય બાળકોની તબિયતમાં ઝડપથી સુધારો નોંધાયો હતો. લેબમાંથી ચાંદીપુરા વાયરસના ત્રણેય રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્ય વિભાગ અને હોસ્પિટલ તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. સંપૂર્ણ સ્વસ્થતા બાદ ત્રણેય બાળકોને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હોવાનું હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટનાએ સમયસર નિદાન અને યોગ્ય સારવારનું મહત્વ ફરી એક વખત ઉજાગર કર્યું છે. આરોગ્ય વિભાગે લોકોને તાવ, ઝાડા-ઊલટી, ખેંચ અથવા અન્ય ગંભીર લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર નજીકના આરોગ્ય કેન્દ્રમાં તાત્કાલિક સારવાર લેવા અપીલ કરી છે.

## ધરમપુરના શ્રી રંગપ્રભાત મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો

### યોગીરાજ રંગ અવધૂત મહારાજના જીવન પર આધારિત ફિલ્મના ટીઝરનું નારેશ્વર ધામથી વિમોચન


તસવીર : જયદીપ પટેલ,ધરમપુર

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર**

આજે અષાઢ શુક્લ પૂર્ણિમાના પાવન અવસરે ધરમપુર સ્થિત શ્રી રંગપ્રભાત મંદિર ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભક્તિભાવ અને આધ્યાત્મિક માહોલમાં ઉજવાયો હતો. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભાવિક ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ગુરુચરણોમાં વંદન, ભજન, ધૂન અને મંત્રોચ્ચારથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. નિયત કાર્યક્રમ મુજબ સવારે 6:15 કલાકે ઉષ:પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ 8:30 કલાકે શણગાર આરતી યોજાઈ હતી. સવારે 9:00 કલાકે રંગયાગ તથા પાદુકાપૂજન વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ ભાગ લઈ ગુરુચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. જેમાં ઉપસ્થિત ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. ત્યારબાદ સાંજે 4:00 કલાકે ધૂન, 4:30 કલાકે પાલખી યાત્રા તેમજ સાયં પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન ગુરુભક્તિ, ભજન, ધૂન અને મંત્રોચ્ચારથી ધાર્મિક વાતાવરણ છવાઈ ગયું હતું. ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે એક વિશેષ આધ્યાત્મિક ભેટરૂપે યોગીરાજ રંગ અવધૂત મહારાજ (નારેશ્વર)ના દિવ્ય જીવન પર આધારિત બની રહેલી ફિલ્મના દોઢ મિનિટના ટીઝરનું સવારે 7:00 વાગ્યે નારેશ્વર ધામ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે 7:00 વાગ્યે સમગ્ર રંગ અવધૂત પરિવાર દ્વારા વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર એકસાથે ટીઝર પ્રકાશિત કરવામાં આવ્યું, જેને દેશ-વિદેશના ભાવિકોમાં ભારે ઉત્સાહ અને આવકાર મળ્યો હતો.

## ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા ગ્રામ્ય બાળકોને 200થી વધુ છત્રીઓનું વિતરણ

### પ્રતિભા વિકાસ અને ગૌરી વ્રત નિમિત્તે સેવા કાર્ય

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-અંકલેશ્વર**


તસવીર : ધર્મેશ રાણા, અંકલેશ્વર

વરસાદની ઋતુમાં ગ્રામ્ય વિસ્તારના બાળકોને શાળાએ આવવા-જવામાં કોઈ મુશ્કેલી ન પડે અને તેમના શિક્ષણના માર્ગમાં કોઈ અવરોધ ન આવે તેવા સેવાભાવી ઉદ્દેશ્ય સાથે ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા અંબોલી અને બોઇદ્રા ગામોમાં છત્રી વિતરણ કાર્યક્રમ યોજાયો. આ બંને ગામોના બાળકોમાં રહેલી અદભુત પ્રતિભા અને સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન મળે, તેમને પોતાની આવડત રજૂ કરવાની તક મળે અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે તેવા ઉમદા વિચાર સાથે ક્લબ દ્વારા મેહંદી સ્પર્ધા, આરતી થાળી સજાવટ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા તથા હેરસ્ટાઇલ સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. બાળકો ઉત્સાહપૂર્વક તમામ સ્પર્ધાઓમાં જોડાયા અને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે ૨૦૦થી વધુ છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું. સાથે જ ગૌરી વ્રત નિમિત્તે વ્રત કરતી તમામ દીકરીઓને ફરાળી નાસ્તો, વેફર્સ, ફળો અને ડ્રાયફ્રૂટ્સનું વિતરણ કરીને તેમના ઉત્સવમાં સહભાગી બની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. કાર્યક્રમ દરમિયાન ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વરના પ્રમુખ કિંજલ શાહ, ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી અંજુ કરલા, ક્લબના સભ્યો રાજુલ બ્રહ્મભટ્ટ, કુસુમ જોષી, ખુશ્બુ પટેલ અને મિતા તન્ના ઉપસ્થિત રહ્યા. સૌએ બાળકો સાથે ગરબાની રમઝટ માણી અને ગૌરી વ્રતની ઉજવણીમાં આનંદપૂર્વક સહભાગી બની કાર્યક્રમને વધુ યાદગાર બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ દ્વારા ઇનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વરે સેવા, સંસ્કાર, શિક્ષણ અને બાળ પ્રતિભાના પ્રોત્સાહનનો સુંદર સમન્વય રજૂ કર્યો. ક્લબ સમાજસેવાના આવા અનેક કાર્યોથી સતત સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રતિબદ્ધ છે.

## ધરમપુર એસટી ડેપોને 6 નવી મીની બસોની ભેટ, ધારાસભ્ય અરવિંદ પટેલે લોકાર્પણ કર્યું

### ગ્રામ્ય અને ડુંગરાળ વિસ્તારોમાં મુસાફરી બનશે વધુ સરળ, પ્રથમ તબક્કામાં 6 અને ટૂંક સમયમાં વધુ 4 મીની બસો મળશે

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર, વલસાડ**



વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ધરમપુર એસટી ડેપોને 6 નવી મીની બસો ફાળવવામાં આવી છે. ગુરુવારે ધરમપુર એસટી ડેપો ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે લીલી ઝંડી આપી નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવી બસો શરૂ થતાં તાલુકાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના મુસાફરોને વધુ સારી પરિવહન સુવિધા મળશે. આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલએ જણાવ્યું હતું કે ધરમપુર તાલુકાના ઘણા ગામોમાં સાંકડા અને ડુંગરાળ રસ્તા હોવાથી મોટી બસો ચલાવવામાં મુશ્કેલી પડતી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. તેના પરિણામે પ્રથમ તબક્કામાં 6 નવી મીની બસો ફાળવવામાં આવી છે. આગામી દિવસોમાં વધુ 4 મીની બસો પણ મળશે. ત્યારબાદ કુલ 10 નવી બસો સેવા માટે ઉપલબ્ધ બનશે. આ બસોથી વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને ગ્રામ્ય વિસ્તારના લોકોની અવરજવર વધુ સરળ બનશે. ધરમપુર એસટી ડેપોના મેનેજર ભૂમિકા પટેલે જણાવ્યું હતું કે નવી મીની બસમાં 35 બેઠકોની વ્યવસ્થા છે. આ બસો સાંકડા રસ્તા અને ડુંગરાળ વિસ્તારોમાં સરળતાથી ચાલી શકશે. નવી બસો જોડાતા હવે ધરમપુર એસટી ડેપો પાસે કુલ 66 બસો ઉપલબ્ધ થઈ છે. જેના કારણે મુસાફરોને વધુ સારી અને નિયમિત બસ સેવા આપી શકાશે.

લોકાર્પણ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, પૂર્વ ભાજપ જિલ્લા મહામંત્રી ગણેશ બીરારી, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ, ડેપો મેનેજર ભૂમિકા પટેલ તથા એસટી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન નવી બસોના સંચાલનથી ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થા વધુ સુવિધાજનક બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## મહિધરપુરામાં વેપારીના ઘરમાંથી રૂપિયા ૫.૮૫ લાખની ચોરી

**સુરત**

મહિધરપુરા, હિરાબજાર માતાજી મંદિર પાસે રહેતા વેપારીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર ઘુસેલા તસ્કરોએ તિજારીનું લોક તોડી રોકડા ૫૦ હજાર અને દાગીના મળી કુલ રૂપિયા ૫.૮૫ લાખના મત્તાની ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પોલીસના જણાવ્યા મુજબ, વૈભવલક્ષ્મી એપાર્ટમેન્ટ, ખોડીયાર માતાજીના મંદિર પાસે, ધોબી શેરી, ભવાની વડ, હિરા બજાર, મહિધરપુરા ખાતે રહેતા અને જોબવર્કનો વ્યવસાય સાથે સંકળાયેલા ભોગ બનનાર સ્વરાજીત ધીરેન્દ્રનાથ કર્માકર (ઉ.વ. ૪૨)ના મકાનમાં ગત તા. ૨૮ જુલાઈના રોજ બપોરે ચાર વાગ્યાથી રાત્રે સાડા આઠ વાગ્યા દરમિયાન તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ મુખ્ય દરવાજાના તાળાનો નકુચો કાપી ઘરમાં ઘુસ્યા બાદ તિજોરીના લોક તોડી અંદર રાખેલા રોકડા રૂપિયા ૫૦ હજાર રોકડા, ૫.૧૦ લાખની કિંમતના ૧૦૨ ગ્રામ વજનના સોનાના દાગીના તેમજ ૨૫ હજારની કિંમતના ૫૦ ગ્રામ વજનના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫,૮૫,૦૦૦ના મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સ્વરાજીત કર્માકરે ગતરોજ ફરિયાદ નોધાવતા મહિધરપુરા પોલીસે ગુનો દાખલ કરી આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય તકનીકી પુરાવાના આધારે તસ્કરો સુધી પહોંચવાના પ્રયાસો શરૂ કર્યા છે.

# ધરમપુર તાલુકાના ઢાંકવળ ગામમાં વન અધિકારની જમીન પર પ્લાન્ટેશનનો વિવાદ


તસ્વીર : જયદીપ પટેલ | ધરમપુર

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-ધરમપુર,વલસાડ**

ધરમપુર તાલુકાના ઢાંકવળ ગામમાં વન અધિકાર દાવા હેઠળની તેમજ આદિવાસી પરિવારોના પરંપરાગત કબજાની જમીન પર વન વિભાગ દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવ્યું હોવાના આક્ષેપોને લઈને જિલ્લા પંચાયતના માંકડબન વિસ્તારના સભ્ય હિનાબેન નાનુભાઈ દિવાએ વિભાગીય વન અધિકારીને લેખિત રજૂઆત કરી છે. તેમણે સમગ્ર મામલે કાયદેસર તપાસ, સ્થળ ચકાસણી અને ગ્રામજનોના વન અધિકારોનું રક્ષણ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ઢાંકવળ ગામના અનેક આદિવાસી પરિવારો વર્ષોથી જંગલ જમીન પર જીવન નિર્વાહ કરી રહ્યા છે. કેટલાક પરિવારોના વન અધિકાર અધિનિયમ-2006 હેઠળના વ્યક્તિગત વન અધિકાર (IFR)ના દાવા મંજૂર થયા છે, જ્યારે કેટલાક દાવા હજુ પ્રક્રિયામાં છે. આવી સ્થિતિમાં જો આ જમીન પર પ્લાન્ટેશન કરવામાં આવ્યું હોય અથવા કરવામાં આવવાનું હોય તો તે પહેલાં કાયદાકીય પ્રક્રિયાનું પાલન થયું છે કે નહીં તેની તપાસ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું છે. હિનાબેન દિવાએ પ્લાન્ટેશન થયેલી જમીનના સર્વે નંબર, વિસ્તાર અને કાયદેસર સ્થિતિની તપાસ કરવાની માંગ કરી છે. ઉપરાંત જ્યાં પ્લાન્ટેશન થયું છે ત્યાં વન અધિકાર મંજૂર છે કે નહીં, કોઈ દાવો પેન્ડિંગ છે કે નહીં અને ગ્રામજનોનો પરંપરાગત કબજો છે કે નહીં તેની પણ ચકાસણી કરવાની માંગ કરી છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જો વન અધિકાર હેઠળ આવતી જમીન પર પ્લાન્ટેશન કરવામાં આવ્યું હોય તો તેની કઈ મંજૂરી લેવામાં આવી હતી, ગ્રામસભાની સંમતિ લેવામાં આવી હતી કે નહીં તેમજ સર્વે, પંચનામા, નકશા, મંજૂરી હુકમ અને અન્ય દસ્તાવેજોની તપાસ કરવામાં આવે. જો તપાસ દરમિયાન કોઈ અધિકારી દ્વારા કાયદાની અવગણના થઈ હોવાનું સામે આવે તો જવાબદારો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે. જિલ્લા પંચાયત સભ્યએ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદિત જમીન પર કોઈ નવી કામગીરી અથવા પ્લાન્ટેશન ન કરવા, તપાસ અહેવાલની પ્રમાણિત નક્લ આપવા અને આદિવાસી ગ્રામજનોના કાયદેસર હકોનું રક્ષણ કરવા વન વિભાગને અપીલ કરી છે. આ રજૂઆતની નક્લ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને ઢાંકવળ ગ્રામ પંચાયતને પણ મોકલવામાં આવી છે.

# સારંગપુર BAPS મંદિરમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી



**સારંગપુર બોટાદ**

ઐતિહાસિક તીર્થધામ સારંગપુર સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવની અત્યંત ભક્તિભાવપૂર્વક અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુરુભક્તિના આ પવિત્ર અવસરે દેશ-વિદેશમાંથી પધારેલા હજારો મુમુક્ષુઓ અને હરિભક્તોએ ગુરુહરિના પાવન દર્શન અને આશીર્વાદનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. ગુરુપૂર્ણિમા નિમિત્તે સમગ્ર સારંગપુર પરિસર ગુરુભક્તિના રંગે રંગાયું હતું. ભક્તોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના શ્રીચરણોમાં ભાવવંદના અર્પણ કરી હતી. સ્વામીશ્રીએ ઉપસ્થિત તમામ ભક્તોને આશીર્વાદ પાઠવતાં ભગવાન પ્રત્યે દ્રઢ નિષ્ઠા અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપી હતી.

# પાટણમાં ચાંદીપુરા વાયરસનો પ્રથમ જીવલેણ કેસઃ 5 વર્ષના બાળકનું મોત

## ધારપુર હોસ્પિટલમાં બે દિવસની સારવાર બાદ નિધન, સમી તાલુકાનું વધુ એક બાળક સારવાર હેઠળ; રાજ્યમાં કુલ 15 બાળકોના મોત

**દ્રષ્ટીકોણ પ્રતિનિધિ-પાટણ**

પાટણ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો પ્રથમ જીવલેણ કેસ નોંધાયો છે. સરસ્વતી તાલુકાના સાણોદરડા ગામના 5 વર્ષના બાળકનું ધારપુર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. બાળકને ચાંદીપુરા વાયરસના લક્ષણો દેખાતા બે દિવસથી સારવાર આપવામાં આવી રહી હતી, પરંતુ તબીબોના તમામ પ્રયાસો છતાં તેનું જીવન બચાવી શકાયું નહોતું. 30 જુલાઈ સુધીના આંકડા મુજબ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કારણે કુલ 15 બાળકોના મોત નોંધાયા છે, જેને પગલે આરોગ્ય વિભાગમાં ચિંતા વધી છે. મળતી માહિતી અનુસાર, સાણોદરડા ગામના બાળકને ગંભીર લક્ષણો જણાતા તેને વધુ સારવાર માટે ધારપુર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તેનું અવસાન થતાં આ પાટણ જિલ્લાનો ચાંદીપુરા વાયરસથી મૃત્યુનો પ્રથમ કેસ બન્યો છે. આ ઉપરાંત સમી તાલુકાના તારોરા ગામનું વધુ એક બાળક ચાંદીપુરા વાયરસની શંકાના આધારે સારવાર હેઠળ છે. હાલ તેની તબિયતમાં સુધારો થઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે, 27 જુલાઈએ સમી તાલુકાના તારોરા ગામ અને સરસ્વતી તાલુકાના સાણોદરડા ગામમાં ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા. સાણોદરડાના બાળકનું સારવાર દરમિયાન અવસાન થયું છે, જ્યારે તારોરા ગામના બાળકની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે જિલ્લા આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. સંભવિત નવા કેસોને અટકાવવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં દવા છંટકાવ, સર્વેલન્સ અને જનજાગૃતિ સહિતની કામગીરી વધુ તેજ કરવામાં આવી રહી છે.

# સીનાડ ગામે રવિદાસ બાપુની 650મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી



તસવીરઃ દિપક સથવારા, રાધનપુર, પાટણ

**રાધનપુર, પાટણ**

પાટણમાં રાધનપુર તાલુકાના સીનાડ ગામે દત્તાત્રેય ભગવાનના ધુણા ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સંત શ્રી રવિદાસ બાપુની 650મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમ દરમિયાન ધાર્મિક ભાવના સાથે મહાઆરતી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાધનપુર વિધાનસભાના ધારાસભ્ય લવિંગજી સોલંકી, પાટણ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નિલેશ રાજગોર, રાધનપુર તાલુકા પંચાયત પ્રમુખ રમેશ પરમાર, રાધનપુર તાલુકા ભાજપ પ્રમુખ અજીતસિંહ પરમાર, તાલુકા ભાજપ મહામંત્રી જેસંગ ચૌધરી, જિલ્લા પંચાયતના ચેરમેન દશરથ રાણા, તાલુકા યુવા મોરચાના પ્રમુખ હરેશ ચૌધરી, બાબુલાલ વકીલ, બાબુજી ઠાકોર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશીફળ



**મેષ**

આજના દિવસે પરિવારના સભ્યો સાથે તાલમેલ વધશે. સંબંધોમાં ઉર્જા રહેશે. તમે મુકેલા પ્રસ્તાવોને સમર્થન મળશે. આસાનીથી આગળ વધતા રહો. આવકમાં વધારો થશે. દલીલો અને અહંકારથી દૂર રહો. સ્વાર્થ અને સંકુચિત માનસિકતા છોડી દો.

**વૃષભ**

આજે કોઈ મોટું કામ શરૂ ન કરવું. અન્યથા તમારે નુકસાન સહન કરવું પડી શકે છે. ખાસ કરીને દેવું ટાળો. સ્વાસ્થ્ય સંબંધિત કેટલીક સમસ્યાઓ ઊભી થશે. પત્નીનું સ્વાસ્થ્ય બગડી શકે છે. વેપારી સહયોગીઓનો સાથ છોડવાથી ધનહાનિ થશે. પરિવારમાં નવા મહેમાનનું આગમન થશે.

**મિથુન**

કર્મક્ષેત્ર સંબંધી વિશિષ્ટ પરિવર્તનકારી યોજનાઓમાં ભાગ્ય-વૃદ્ધિનો યોગ. ધર્મ સંબંધી કાર્યોમાં રુચિ અને યાત્રાનો યોગ. ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ. શત્રુથી લાભ પ્રાપ્તિનો યોગ

**કર્ક**

આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે ક્યાંક બહાર જઈ શકો છો. લાંબા સમય પછી, તમારા પરિવાર સાથે આ તમારા માટે આનંદદાયક પળો હશે. આનાથી પરિવારમાં ચાલી રહેલી દલીલોનો અંત આવશે. આજે તમને કાર્યસ્થળ પર પણ તમારા સહયોગી જીવનસાથીનો સહયોગ મળશે. નાણાકીય સ્થિતિમાં લાભ થશે. પરિવારમાં કોઈ શુભ કાર્ય થવાની સંભાવના બની શકે છે.

**સિંહ**

આજે તમે ધાર્મિક યાત્રા પર જઈ શકો છો. તમને તમારા કાર્યસ્થળ પર મિત્રો અને પરિવારનો સહયોગ મળશે. મુસાફરી કરતી વખતે તમારા સામાન અને પૈસાની સુરક્ષા કરો. વ્યાપારમાં લાભની તકો રહેશે. પરિવારમાં માતા-પિતાનું સ્વાસ્થ્ય બગડી શકે છે. પત્ની સાથે મતભેદ વધી શકે છે.

**કન્યા**

કાર્યક્ષેત્રે ચાલી રહેલી સમસ્યાઓ દૂર થશે. વેપારમાં આવક વધારવાના પ્રયાસો સફળ થશે. નોકરીમાં પ્રમોશનની સાથે મહત્વપૂર્ણ જવાબદારી તમને મળશે. પરિવારમાં કોઈ શુભ કાર્ય પૂર્ણ થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. તમારી ભાવનાઓને ઠેસ પહોંચી શકે છે

**તુલા**

" આજે કાર્યક્ષેત્રમાં સુધારો થવાની સંભાવના છે. જે સમસ્યાઓ પહેલાથી ચાલી રહી હતી તે દૂર થશે. વ્યાપાર ક્ષેત્રે રોકાયેલા લોકો જો આયોજનબદ્ધ રીતે કામ કરશે તો લાભની શક્યતાઓ વધી જશે. નોકરીમાં પ્રમોશનની સાથે મહત્વપૂર્ણ જવાબદારી તમને મળશે. વિદ્યાર્થીઓનો અભ્યાસમાં રસ વધશે. કોર્ટના મામલામાં તમને સફળતા મળશે. દૂર દેશના કોઈ સંબંધી તરફથી તમને સારા સમાચાર મળશે."

**વૃશ્ચિક**

આજે વેપારમાં આવક વધારવાના પ્રયાસો સફળ થશે. સારી આવકના કારણે સંચિત સંપત્તિમાં વધારો થશે. આવકના સ્ત્રોતો પર ધ્યાન આપવું પડશે. નાણાંના બિનજરૂરી ખર્ચથી બચો. મિલકતના સંબંધમાં તમારે ભાગવું પડી શકે છે. પારિવારિક ખર્ચાઓ વધતા રહેશે.

**ધન**

આજે પ્રેમ સંબંધોમાં પરસ્પર તાલમેલ વધારવાની જરૂર પડશે. અન્ય લોકો દ્વારા ગેરમાર્ગે દોરાશો નહીં. વિવાહિત જીવનમાં સમસ્યાઓ વધી શકે છે. જેના કારણે વૈવાહિક સુખમાં ઘટાડો થશે. પરિવારના સભ્યો વચ્ચે બિનજરૂરી મતભેદ દૂર થઈ શકે છે.

**મકર**

આજે સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ખાસ સમસ્યા થવાની શક્યતા ઓછી છે. સ્વાસ્થ્ય સંબંધિત નાની-મોટી પરેશાનીઓ રહેશે. શરીરના જ્ઞાનતંતુઓમાં દર્દ વગેરેથી સંબંધિત રોગોથી સાવચેત રહો. હવામાન સંબંધિત રોગોના કિસ્સામાં તાત્કાલિક સારવાર મેળવો. બિલકુલ બેદરકારી ન રાખો.

**કુંભ**

આજે તમને કોઈ સારા સમાચાર મળશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં તમને સફળતા મળશે. પરિવારમાં બિનજરૂરી દલીલથી દૂર રહો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે. સ્વાસ્થ્યમાં સુધારો થવાની સંભાવના છે. મનમાં નિરાશા અને અસંતોષ રહેશે. શાંત રહો ગુસ્સાથી બચો

**મીન**

વ્યવસાયમાં મહત્ત્વપૂર્ણ કાર્યમાં સફળતા મળવાથી આવકમાં વધારો થશે. નાણાંની લેવડ-દેવડમાં સાવધાની રાખો. રાજનીતિમાં પદ અને પ્રતિષ્ઠામાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં આર્થિક લાભ થઈ શકે છે. મનમાં નિરાશા અને અસંતોષ રહેશે. શાંત રહો ગુસ્સાથી બચો

# પીપલોદની ફ્લોરેન્સી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં આગ

## લેબર રૂમના બાથરૂમમાં શોર્ટ સર્કિટથી વોશિંગ મશીનમાં ધડાકો, 3 દર્દીઓ અને સ્ટાફનો સુરક્ષિત બચાવ, જાનહાનિ ટળી

**સુરત**

**સુરતના પોશ વિસ્તાર ગણાતા પીપલોદ ખાતે આવેલી એક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં બપોરના સમયે અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. પીપલોદમાં હોમલેન્ડ મોલની પાછળ આવેલી ફ્લોરેન્સી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના લેબર રૂમના બાથરૂમમાં શોર્ટ સર્કિટના કારણે વોશિંગ મશીનમાં ધડાકો થયો હતો અને જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે, હોસ્પિટલ સ્ટાફની સમયસૂચકતા અને ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી હતી અને તમામ દર્દીઓ સહિત સ્ટાફનો આબાદ બચાવ થયો હતો.**

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, આજે બપોરે 3:16 વાગ્યાના અરસામાં ફ્લોરેન્સી હોસ્પિટલના લેબર રૂમમાં આવેલા બાથરૂમમાં મુકેલા વોશિંગ મશીનમાં અચાનક શોર્ટ સર્કિટ થયું હતું. શોર્ટ સર્કિટને કારણે વોશિંગ મશીન ધડાકાભેર બ્લાસ્ટ થયું હતું અને તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. જોતજોતામાં આગે બાથરૂમના વાયરિંગ અને આસપાસના સામાનને ઝપેટમાં લઈ લીધો હતો. હોસ્પિટલ પરિસરમાં ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગતાં દર્દીઓ અને તેમના સગાંઓમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

આગ લાગી તે સમયે હોસ્પિટલમાં ત્રણ પેશન્ટ એડમિટ હતા. ઘટનાની ગંભીરતા સમજીને હોસ્પિટલના જાગૃત સ્ટાફે તુરંત જ તત્પરતા દાખવી હતી. સ્ટાફે સમયસૂચકતા વાપરીને હોસ્પિટલમાં દાખલ ત્રણેય દર્દીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આ સાથે હોસ્પિટલનો તમામ સ્ટાફ પણ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી કે કોઈને પણ નાની-મોટી ઈજા પહોંચી નથી, જેથી તંત્ર અને પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

**સુરત જિલ્લા વકીલ મંડળની મળેલી મહત્વપૂર્ણ બેઠકમાં નિર્ણય લેવાયો**

# દ. ગુજરાતમાં હાઈકોર્ટની સર્કિટ બેન્ચની જબૂત રીતે રજૂઆત માટે વિશેષ કમિટી બનાવશે

**સાત જિલ્લાનાં લાખો નાગરિકોને ઝડપી અને સરળ ન્યાય મળે તે માટે લડત વધુ તેજ બનશે**

**સુરત**

દક્ષિણ ગુજરાતમાં ગુજરાત હાઈકોર્ટની સર્કિટ બેન્ચ સ્થાપવાની વર્ષો જૂની માંગણીને વધુ વેગ આપવા સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા ગુરુવારે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. દક્ષિણ ગુજરાતના નાગરિકો અને વકીલ આલમને ઝડપી, સરળ અને સુલભ ન્યાય મળી રહે તે હેતુથી યોજાયેલી આ બેઠકમાં આગામી રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સુરત જિલ્લા વકીલ મંડળના હોદ્દેદારો, કારોબારી સમિતિના સભ્યો તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સુરતથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન દક્ષિણ ગુજરાતમાં હાઈકોર્ટની સર્કિટ બેન્ચ સ્થાપવા માટે સરકાર અને ન્યાયતંત્ર સમક્ષ સુવ્યવસ્થિત રીતે રજૂઆત કરવા વિશેષ કમિટીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય એચ. પટેલે જણાવ્યું હતું કે સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, ભરૂચ અને નર્મદા જિલ્લાનાં લાખો નાગરિકો તથા હજારો વકીલોને કેસોની સુનાવણી માટે અમદાવાદ સુધી જવું પડે છે. જેના કારણે સમય અને નાણાંનો બોજ વધે છે તેમજ ન્યાય મેળવવાની પ્રક્રિયા વધુ મુશ્કેલ બને છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાત આજે રાજ્યનું સૌથી ઝડપથી વિકસતું ઔદ્યોગિક અને આર્થિક કેન્દ્ર છે. આ વિસ્તારમાંથી હાઈકોર્ટમાં નોંધપાત્ર સંખ્યામાં કેસો દાખલ થાય છે. સુરત શહેરમાં આધુનિક ન્યાયિક માળખું, ઉત્તમ માર્ગ અને રેલ્વે જોડાણ તેમજ એર કનેક્ટિવિટી ઉપલબ્ધ હોવાથી અહીં હાઈકોર્ટની કાયમી સર્કિટ બેન્ચ સ્થાપવી સંપૂર્ણપણે વ્યવહારુ અને જનહિતમાં છે. સુરત જિલ્લા વકીલ મંડળે સ્પષ્ટ કર્યું કે આ માંગણીને સાકાર કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અન્ય વકીલ મંડળોને સાથે રાખીને આગામી સમયમાં વધુ મજબૂત લડત ચલાવવામાં આવશે. ટૂંક સમયમાં વિશેષ કમિટીની રચના કરીને આગામી કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવશે.

# કીર્તિ પટેલની ધરપકડ, પોલીસ સ્ટેશન માથે લીધુ

અવારનવાર વિવાદોમાં રહેતી કીર્તિ પટેલ સામે સુરતમાં ફરી એકવાર કાયદાનો સકંજો કસાયો છે. સોશિયલ મીડિયા પર પરિવારની બદનક્ષી કરવા અને ધમકી આપવાના ગુનામાં પુણા પોલીસે કીર્તિ પટેલની સુરેન્દ્રનગરથી ધરપકડ કરી છે. ભાવનગરના વેપારી અને મહિલા સરપંચના પતિ રાજુ ભમ્મરે કીર્તિ પટેલ તથા ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. આ કેસમાં આજે (30 જુલાઈ) પોલીસે કીર્તિ પટેલને દબોચી સુરત લાવી હતી. પોલીસ સ્ટેશન બહાર કીર્તિએ ભારે હોબાળો કરતા ધક્કામારીને સ્ટેશનમાં લઈ જવી પડી હતી.

આ મામલે ડીસીપી આલોક કુમારે જણાવ્યું કે, સુરત શહેરના પુણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં BNSની ધારા 296(b) (અશ્લીલ શબ્દોનો ઉપયોગ), એક્સ્ટોર્શન, માનહાનિ, ગુનાહિત ધમકી અને ગુનાહિત ષડયંત્ર સહિત IT એક્ટની કલમ 67 હેઠળ એક ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં કીર્તિ પટેલ અને નયના બારૈયા સામેલ છે.

ગુનાની વિગત આપતાં તેમણે જણાવ્યું કે, આરોપી કીર્તિ પટેલે નયના બારૈયા સાથે મળીને 12 લાખ લઈને રેપની ફરિયાદમાં સેટલમેન્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત, ફરિયાદી રાજુ ભુવા ભમ્મર પાસેથી અલગ-અલગ સમયે દોઢ વર્ષના ગાળામાં કુલ 3 કરોડ 12 લાખ પડાવી લેવામાં આવ્યા છે. તપાસ બાદ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરીને કેસમાં રંગદારીની કલમ ઉમેરવામાં આવી હતી અને બંને આરોપીઓને નોટિસ પાઠવાઈ હતી. ત્યારબાદ જૂનાગઢ તરફથી કીર્તિ પટેલની ધરપકડ કરવામાં આવી છે, જેને કોર્ટ સમક્ષ રજૂ કરીને રિમાન્ડ મેળવવાની કામગીરી કરાશે.

**નાગરિકોની સુરક્ષાને માટે દરિયાકિનારે પોલીસનો સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવાયો**

# ભારે વરસાદની આગાહીને પગલે આગામી ૨ દિવસ ડુમ્મસ બીચ સંપૂર્ણ બંધ

## ઉંચા મોજાં અને ભારે કરંટની શક્યતા વચ્ચે પ્રવાસીઓ, નાગરિકો અને માછીમારોને બીચ તથા દરિયાથી દૂર રહેવાની અપીલ

**સુરત**



હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે ભારે વરસાદ અને દરિયામાં પ્રતિકૂળ પરિસ્થિતિની આગાહી કરવામાં આવતા જિલ્લા વહીવટી તંત્રએ સુરતના ડુમ્મસ બીચ પર આગામી બે દિવસ માટે સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. સહાયક મત્સ્યોદ્યોગ નિયામક પી. એચ. કોટડિયાએ જણાવ્યું કે દરિયામાં ભારે કરંટ અને ઊંચા મોજાં ઉછળવાની સંભાવના હોવાથી બીચ પર ફરવા જવું કે દરિયામાં ઉતરવું જોખમી બની શકે છે. કોઈપણ દુર્ઘટના ટાળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વહીવટી તંત્રએ તમામ નાગરિકો, પ્રવાસીઓ અને માછીમારોને આગામી બે દિવસ સુધી ડુમ્મસ બીચથી દૂર રહેવા અપીલ કરી છે. સાથે જ તમામ બોટ માલિકોને પોતાની બોટ સુરક્ષિત સ્થળે લંગર કરી રાખવા સૂચના આપવામાં આવી છે. નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી દરિયાકિનારે પોલીસ અને સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. વહીવટી તંત્રએ સૌને જાહેર કરાયેલા પ્રતિબંધનું પાલન કરી સહકાર આપવા અનુરોધ કર્યો છે. કોટડિયાએ જણાવ્યું હતું કે, આગામી બે દિવસ દરમિયાન દરિયામાં ભારે કરંટ સાથે ઊંચા મોજાં ઉછળવાની અને ખરાબ હવામાન રહેવાની શક્યતાઓ છે. આ સ્થિતિમાં સેર-સપાટા કે પ્રવાસ અર્થે દરિયાકિનારે જવું કે દરિયો ખેડવો જીવલેણ સાબિત થઈ શકે છે. જેથી કોઈપણ અપ્રિય ઘટના ના બને તે માટે વહીવટી તંત્ર દ્વારા ડુમ્મસ બીચ પર જવા પર અને દરિયામાં જવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તંત્ર દ્વારા પ્રવાસીઓ અને સુરતની જનતાને બીચ પર ન જવા ખાસ અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત તમામ માછીમારો તથા બોટ માલિકોને પોતાની બોટ સુરક્ષિત સ્થળે કેસિંગ અથવા લંગર કરી રાખવાનો આદેશ અપાયો છે. નાગરિકોની સલામતી અને જાનમાલનું રક્ષણ એ વહીવટી તંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા હોય, દરિયાકિનારે સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. તમામ માછીમારો અને નાગરિકોને વહીવટી તંત્રના આ આદેશનું પાલન કરવા અને સહકાર આપવા અનુરોધ છે.

# લિંબાયતના ક્રાંતિનગરના 300થી વધુ પરિવારો કેશડોલ સહાયથી વંચિત, વિરોધ સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા

**સુરત**

સુરતમાં તાજેતરમાં આવેલા ખાડી પૂરના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. પૂરના પાણી ઓસરી ગયા બાદ રાજ્ય સરકારે પૂરગ્રસ્તોને રાહત આપવાના હેતુથી પ્રતિ પરિવાર 6,800ની કેશડોલ સહાય જાહેર કરી હતી. પરંતુ તંત્રની ઘોર બેદરકારી અને અનિયમિતતાના કારણે આજે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં પૂરગ્રસ્તો આ સરકારી સહાયથી સંપૂર્ણપણે વંચિત રહ્યા છે. આ અન્યાય સામે લિંબાયત વિસ્તારના ક્રાંતિનગરના પૂરપીડિતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પોતાના હક્કની સહાય મેળવવા માટે 300થી વધુ સ્થાનિક નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, એકત્ર થઈને ભારે વિરોધ પ્રદર્શન સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને સરકાર તેમજ સ્થાનિક વહીવટી તંત્ર સામે હલ્લાબોલ કર્યો હતો.

સુરતના લિંબાયત સ્થિત ક્રાંતિનગર વિસ્તાર ખાડીના કાંઠે આવેલો હોવાથી દર વખતે ખાડીના પૂરના પાણી સૌથી પહેલા આ વિસ્તારમાં પ્રવેશ કરે છે. તાજેતરમાં આવેલા ખાડી પૂરમાં ક્રાંતિનગરના ઘરોમાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે લોકોની ઘરવખરી, અનાજ અને કિંમતી સામાન પાણીમાં ગરકાવ થઈને બરબાદ થઈ ગયા હતા. દિવસો સુધી પાણી ભરાયેલા રહ્યા બાદ હવે જ્યારે પૂરમાંથી રાહત મળી છે અને પાણી



ઉતરી ગયા છે, ત્યારે સ્થાનિકો સમક્ષ પુનઃવસન અને રોજીરોટીનો મોટો પ્રશ્ન ઊભો થયો છે. અન્ય વિસ્તારોમાં કેશડોલની વહેંચણી શરૂ થઈ ગઈ હોવા છતાં ક્રાંતિનગરમાં હજુ સુધી એક પણ રૂપિયો પહોંચ્યો નથી, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો આર્થિક સંકટમાં મુકાયા છે. મામલતદાર કચેરી ખાતે પૂરગ્રસ્તોના પ્રતિનિધિ તરીકે રજૂઆત કરવા આવેલા નૂરભાઈ ચાઈનીઝે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા અને મીડિયા માધ્યમો મારફતે સ્પષ્ટ જાહેરાત કરી હતી કે જેના જેના ઘરમાં પૂરના પાણી ભરાયા છે તે દરેક વ્યક્તિને 6,800ની કેશડોલ સહાય આપવામાં આવશે. પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે. ક્રાંતિનગરમાં પાણી પૂરાઈને ઉતરી પણ ગયા હોવા છતાં સ્થાનિકોને હજુ સુધી સહાયનો રૂપિયો મળ્યો નથી. સરકારી જાહેરાતો માત્ર કાગળ પર અને સોશિયલ મીડિયા પુરતી જ સીમિત રહી ગઈ છે અને જરૂરિયાતમંદ લોકો આજે પણ કચેરીઓના ચક્કર કાપવા મજબૂર બન્યા છે. મામલતદાર કચેરીએ પહોંચેલી 300થી વધુ મહિલાઓના અવાજ બનીને સ્થાનિક અગ્રણી ફરઝાના સૈયદે સરકારી સર્વે નીતિ પર ગંભીર આક્ષેપો કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ક્રાંતિનગરમાં સર્વે માટે અધિકારીઓ આવ્યા જરૂર હતા, પરંતુ તેઓ માત્ર અડધી-પડધી 2 ગલીઓમાં જઈને સર્વે કરીને ચાલતી પકડી હતી અને બાકીનો આખો વિસ્તાર છોડી દીધો હતો.

## સરકાર પાસે સત્તા છે, ઈચ્છે તે કરી શકે

# ખાડીપૂરથી લોકોને બચાવવા નાસીરનગર જેવું ડિમોલિશન થાય કે નહીં?

**વરસાદની આગાહી થાય એટલે ખાડીકિનારે વસતા લોકોને પૂરનો ધ્રાસ્કો પડે છે, શું થશે? લોકોને બચાવનારા લાશ્કરો, જવાનોના પણ પરિવારો છે, તેમના ઘરોમાં પણ તેમના પરત ફરવાની ચિંતા છે**

**સુરત**

આવતીકાલથી ફરી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે, ચારેક દિવસ મેઘરાજા આ વિસ્તારોને ધમરોળશે એવી ભીતિ છે. ત્યારે સ્વાભાવિક રીતે જ સુરતની ખાડીઓના કિનારે રહેતા લોકો, ખાડીપૂરની થપાટે મોટું નુકસાન વેઠ્યું છે તેવા વેપારીઓ, ધંધાદારીઓને ફરી ધ્રાસ્કો પડ્યો છે. પાછું ખાડીપૂર આવશે તો શું થશે? એવી ચિંતા સતાવવા માંડી છે. સાથે જ રાહત-બચાવ કાર્ય માટે ફરી સ્ટેન્ડ બાય થઈ જનારા લાશ્કરો અને જવાનોના પરિવારોમાં પણ એવી ચિંતા છે કે લોકોના જીવ બચાવવા તેઓ જાન જોખમમાં મૂકશે, સહીસલામત પાછા ફરશે કે નહીં? આ બધા પ્રશ્નો સાથે એક પ્રશ્ન સળવળવા લાગ્યો છે કે ખાડીપૂર માટે જવાબદાર ગેરકાયદે બાંધકામો, દબાણો, પુરાણોનું નાસીરનગરની જેમ તાબડતોબ ડિમોલિશન કરી શકાય કે નહીં? છેલ્લા બેએક મહિનામાં સુરત મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર બે મુખ્ય ચર્ચામાં રહ્યા છે. નવાઈની વાત એ છે કે આ બંને ચર્ચાનો સ્વભાવ તદ્દન વિપરીત છે. પહેલી ચર્ચા નાસીરનગરના ડિમોલિશનની છે. હાઈકોર્ટ સુધી મામલો પહોંચ્યો અને જાહેર થયું કે નાસીરનગરનું ડિમોલિશન ખોટું થયું. ખોટું પણ કેવું? વીજળી વેગે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, બેલદારો, એન્જિનીયરીંગ સ્ટાફ જેસીબી, પોકલેન જેવી મશીનરી સાથે ઉતરી પડ્યો. ટૉરેન્ટ પાવરનો સ્ટાફ પહોંચે તે પૂર્વે તો હથોડા ઝીંકવા શરૂ કરી દેવાયા. ગણતરીના કલાકોમાં તો નાના-મોટા, કાચા-પાકા 150 મકાનોને જમીનદોસ્ત કરી દેવાયા, ઝીરો લેવલ પર લાવી દેવાયા.



ડિમોલિશનનો વિરોધ થાય તો તેને ડામી દેવા માટે પોલીસ ફોર્સ પણ ખડકી દેવામાં આવી. મ્યુનિ. તંત્ર અને તેના અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી નહીં કરવા બદલ રાજ્ય સરકારને પણ હાઈકોર્ટે ઝાટકી. ટૂંકમાં એવું કહી શકાય કે મ્યુનિ. તંત્ર અને સરકાર ધારે તો ખોટું ડિમોલિશન પણ તાબડતોબ કરી શકે. હવે બીજી ચર્ચા એ છે કે સુરતમાંથી પસાર થતી ભેદવાડ ખાડી, સીમાડા ખાડી, મીઠી ખાડી, કાંકરા ખાડીનું મોટા પાયે પુરાણ થઈ ગયું છે. બિલ્ડરો કે પછી અન્ય તત્ત્વો દ્વારા ખાડીકિનારે ગેરકાયદે બાંધકામો, દબાણો ઉભા કરી દેવામાં આવ્યા છે. ખાડીના વહેણને એવી ક્રૂર રીત અવરોધવામાં આવ્યા છે કે છેલ્લા 10 વર્ષથી ખાડીપૂર તબાહી મચાવી રહ્યા છે. ખાડીની જે પાણીવહનની ક્ષમતા હતી તે નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. એટલું જ નહીં, ખાડીમાં એ પ્રકારે કચરો અન્ય વેસ્ટ ઠાલવવામાં આવી રહ્યો છે કે ખાડીપૂર નહીં આવે તો નવાઈ લાગે. જો કે અહીં નાસીરનગરના 150 ઘરોનું તાબડતોબ, યુદ્ધના ધોરણે ડિમોલિશન કરી દેનારું મ્યુનિ. તંત્ર ખાડીકિનારેના આ ગેરકાયદે દબાણો, બાંધકામો સામે ભેદી રીતે મૌન છે. 10-10 વર્ષના વહાણા વીતી ગયા. ક્યારેક મ્યુનિ. તંત્ર અને સરકાર દોષનો ટોપલો અન્ય વિભાગો પર ઢોળી દે છે. ક્યારેક એક્શન પ્લાન બનાવે છે. ક્યારેક સરવેની વાતો કરે છે. ક્યારેક કડક કાર્યવાહી અને જવાબદારોને બક્ષવામાં નહીં આવે એવું કહે છે. એટલે કે માત્ર ને માત્ર વાતો જ કરે છે. નાસીરનગરના 150 પરિવારોને રાતોરાત રસ્તા પર લાવી દેનારું સરકારી તંત્ર, ખાડીકિનારેના હજારો લોકોની સુરક્ષા ધ્યાને લેવાને બદલે કાયદેસરની નોટિસ, સરવે, રિપોર્ટમાં લોકોને ગોળ ગોળ ફેરવી રહ્યું છે. ખાડીપૂરને સતત 10 વર્ષ થયા, ચાલુ વર્ષે પંદર જ દિવસમાં ખાડીપૂરે બે વખત તારાજી સર્જી, ત્યારે સ્વાભાવિક રીતે જ એવી ઈચ્છા થાય છે કે જો સરકાર અને મ્યુનિ. તંત્ર યુદ્ધના ધોરણે ખાડીકિનારેના ગેરકાયદે દબાણો અને બાંધકામો પર નાસીરનગરની જેમ તૂટી પડે. નોટિસ કે સરવે જેવી કાર્યવાહી થતાં થશે, પુરાણ ઉલેચી ખાડીના વહેણની ક્ષમતા પૂર્વવત કરી દેવામાં આવે, તો ખાડીપૂરની સમસ્યામાંથી તાત્કાલિક છૂટકારો મળી શકે.

### સુરતના નક્સા પરથી નાસીરનગર, અમદાવાદના નક્સા પરથી સ્મશાન ગૂમ કરી દેવાયું

સરકાર ધારે તે કરી શકે, આવું કંઈ એમ ને એમ નથી કહેવાતું. સુરત મ્યુનિ. તંત્ર કે સરકારની રહેમનજર હેઠળના અનેક કામો વિવાદમાં આવી ચૂક્યા છે. સુરતનો તાજો દાખલો તો નાસીરનગરનો છે જ. ગણતરીના દિવસોમાં જ સુરતના નકસા પરથી વેડરોડનું નાસીરનગર ગાયબ થઈ ગયું. તો હાલમાં અમદાવાદના નરોડા હંસરાજ ગામે સ્મશાન ગાયબ થઈ ગયાનો મુદ્દો પણ ચર્ચાની એરણે ચઢ્યો છે. અલબત્ત આવા કામો નેતાઓની મિલીભગતમાં બિલ્ડર લોબીના ફાયદા માટે કરાતા હોવાની ચર્ચા છે, સુરતમાં ખાડીકિનારેના ગેરકાયદે બાંધકામો, દબાણો દૂર કરાય તો કદાચ કોઈ નેતા, બિલ્ડરોને ફાયદો નહીં થાય, માત્ર ખાડીકિનારે વસતા ગરીબ મધ્યમ વર્ગના લોકોને જ થાય.

### ભાજપ સરકારને હીરો બનવાનો સુવર્ણ અવસર

સુરતમાં ખાડીપૂરથી તબાહી અને જોખમ જે રીતે સતત ભય ફેલાવી રહ્યું છે, તે જોતાં એવું લાગે છે કે આ સમય ભાજપ સરકારને હીરો બનવા માટે સટિક છે. 7 જુલાઈના ખાડીપૂરમાં 41થી વધુ લોકોનાં મોત નીપજ્યા, અનેક ઘરો તબાહ થઈ ગયા, દુકાનો, ગોડાઉનોમાં પાણી ઘૂસતા વેપાર-ઉદ્યોગને કરોડોનું નુકસાન ગયું. મ્યુનિ. તંત્ર અને રાજ્ય સરકારે કરોડો રૂપિયાની સહાય ચૂકવી, અલબત્ત એ રકમ હવે નાગરિકોના માથે જ મરાશે. રાજ્યમાં ભાજપની અને સુરતમાં પણ ભાજપની જ પૂર્ણ બહુમતિ છે, જોરદાર સત્તા છે. તો મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ધારાસભ્યો ઉપરાંત સ્થાનિક સાંસદો, મ્યુનિ.ના સત્તાધીશો અને પદાધિકારીઓ જો એકસાથે ખાડીપૂરની સમસ્યાનું યુદ્ધના ધોરણે નિરાકરણ કરવાનો નિશ્ચય કરે અને તેનો રાતોરાત તાત્કાલિક અમલ શરૂ કરે તો ભાજપને લોકોનો જોરદાર હકારાત્મક પ્રતિસાદ મળશે તે વાતમાં કોઈ બેમત નથી. વાત રહી ગણ્યાં ગાંઠ્યા વિપક્ષની, તો તેઓ પણ ખાડીપૂરની સમસ્યાના તાત્કાલિક નિવારણની તરફેણમાં છે જ.



ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી છે અને કારીગરોના હાથમાં માટી હવે ભગવાન ગણેશના દિવ્ય સ્વરૂપમાં ઢળી રહી છે. અનેક માટીના ગણપતિ તૈયાર થઈ ચૂક્યા છે અને હવે તેમને રંગ-રૂપ આપવાની અંતિમ તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. પર્યાવરણને અનુકૂળ માટીની મૂર્તિઓ પ્રકૃતિ પ્રત્યેની આપણી જવાબદારીનું પ્રતીક છે. શ્રદ્ધા, કળા અને પરંપરાનો સુંદર સમન્વય ધરાવતી આ મૂર્તિઓ ભક્તોના ઘરે બાપ્પાના આગમન માટે આતુર છે. (તસવીર : હનિફ મલિક, સુરત)

# ડિંડોલીના લક્ષ્મણનગરમાં હિસ્ટ્રીશીટરોની અદાવતમાં પ્રવીણ ઉર્ફે 'આંબો'ની હત્યા

**મુખ્ય આરોપી ભૂષણ પાટીલ સહિત ચાર શખ્સ ફરાર, પોલીસે આરોપીઓને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો બનાવી**

**સુરત**

સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલા લક્ષ્મણનગરમાં 29 જુલાઈની મોડી રાત્રે હિસ્ટ્રીશીટરો વચ્ચેની જૂની અદાવત લોહિયાળ બની હતી. 32 વર્ષીય પ્રવીણ ઉર્ફે 'આંબો' આઝાદ કોળીની કરપીણ હત્યા કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગુજરાત પોલીસના ડિંડોલી પોલીસ સ્ટેશન સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈને ઈન્ક્વેસ્ટ પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો તેમજ ક્રાઈમ સીન પરથી જરૂરી પુરાવા એકત્રિત કર્યા હતા. પોલીસ તપાસ મુજબ, મૃતક પ્રવીણ ઉર્ફે 'આંબો' જય અંબેનગર (જયેશનગર) નો રહેવાસી હતો અને તેની સામે અગાઉ ગુજસીટોક, આર્મ્સ એક્ટ, એનડીપીએસ તેમજ મારામારી અને હુમલાના અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. પ્રાથમિક તપાસમાં હત્યાના મુખ્ય આરોપી તરીકે ભૂષણ પાટીલનું નામ સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર ભૂષણ પાટીલ સામે પણ અગાઉ હત્યા અને હત્યાના પ્રયાસ સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. બંને વચ્ચે ચાલતી જૂની અદાવતના કારણે આ હત્યા કરવામાં આવી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું છે કે હત્યામાં મુખ્ય આરોપી સહિત કુલ ચાર આરોપીઓની સંડોવણી સામે આવી છે. બનાવને અંજામ આપ્યા બાદ ચારેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હાલ ડિંડોલી પોલીસ ટેકનિકલ સર્વેલન્સ, સ્થાનિક બાતમીદારો અને અન્ય તપાસના આધારે આરોપીઓની શોધખોળ કરી રહી છે. સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે. ડિંડોલીના લક્ષ્મણનગર અને જયેશનગર વિસ્તારમાં વારંવાર બનતી ગુનાખોરીની ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે અને આરોપીઓની ધરપકડ બાદ હત્યા પાછળના ચોક્કસ કારણો અંગે વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

## આજે રેડ એલર્ટ અને કાલે ઑરેન્જ એલર્ટ

# પાછું બે દિવસ ટેન્શન, તોફાની પવનો સાથે ભારે વરસાદની આગાહી

**તંત્ર ખડેપગે, પરંતુ નાગરિકોને સાવચેત રહેવા, કામ વિના બહાર નહીં નીકળા જિલ્લા કલેક્ટરની તાકીદ**



**સુરત**

હવામાન વિભાગ દ્વારા ૩૦મી જુલાઈથી ૧લી ઓગસ્ટ એમ ત્રણ દિવસ દરમિયાન સુરત સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ અને તીવ્ર પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે, ત્યારે સુરત જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર સ્થિતિનો સામનો કરવા સજ્જ અને સતર્ક છે. સુરત જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટમોડ પર છે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે નાગરિકોને સાવચેત તેમજ સતર્ક રહેવા કરી અપીલ કરી હતી. કલેક્ટરે જણાવ્યું કે, બંગાળની ખાડીમાં સર્જાયેલું નિમ્ન હવાનું દબાણ ઝડપી ગતિએ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે, જેના પગલે સુરત જિલ્લામાં તા.૩૦મીએ ઑરેન્જ એલર્ટ, ૩૧મીએ રેડ એલર્ટ તથા ૧લી ઓગસ્ટે ઑરેન્જ એલર્ટ અપાયું છે. ભારે પવન સાથે અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર સંભવિત વરસાદી સ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણસજ્જ અને સતર્ક છે. તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. તમામ તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ પ્રાંત અધિકારીઓ, મામલતદારોને પણ એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં જ્યાં પાણી ભરાવાની શક્યતા હોય તેવા નીચાણવાળા વિસ્તારોમાંથી નાગરિકોનું સ્થળાંતર કરવા સૂચનાઓ આપવામાં આવી છે. કલેક્ટરે તમામ નાગરિકોને હવામાન વિભાગ, જિલ્લા તંત્ર દ્વારા આપવામાં આવતી અધિકૃત વરસાદી માહિતીને જ અનુસરવા અને કોઈ પણ અફવાથી ગેરમાર્ગે ન દોરાવા તેમજ સ્થિતિનું વાસ્તવિક નજરે અવલોકન કરવા અનુરોધ કર્યો છે.

## “દ્રષ્ટિકોણ જનવાણી”ની ઇમ્પેક્ટ



સુરત શહેરમાં આવેલા પરવટ પાટિયાથી આંજણા ટેનામેન્ટ તરફ આવતી નહેરમાં પણ નિર્માણ કચરો અને મલબાના મોટા ઢગલા જોવા મળ્યા હતા, આ અહેવાલ તાજેતરમાં જ “દ્રષ્ટિકોણ જનવાણી” દ્વારા ઉજાગર કરાતા મનપા તંત્ર દોડતું થયું હતું. અને યુદ્ધના ધોરણે સફાઇ કામગીરી આરંભી હતી. (તસવીરઃ હનિફ મલિક, સુરત)

# આજે રેડ એલર્ટ, શહેર-જિલ્લામાં હજારો લોકોનું સુરક્ષિત સ્થળાંતર

**વહીવટી તંત્રએ સુરક્ષિત સ્થળે ખસેડી દીધાં, હોર્ડિંગ્ઝ, નબળા સ્ટ્રક્ચર્સ ઉતારી લેવા ઝુંબેશ, હાઈમાસ્ટ નીચે ઉતારાશે**



**સુરત**

હવામાન વિભાગના રેડ એલર્ટને પગલે સુરત મહાનગરપાલિકાએ, જિલ્લા કલેક્ટર તેમજ પોલીસ વિભાગના સંકલનમાં યુદ્ધના ધોરણે શહેરમાં રાહત-બચાવની કામગીરી શરૂ કરી દીધી છે. ખાસ કરીને આજે બપોરથી જ શહેરભરમાં હોર્ડિંગ્ઝ ઉતારવા સહિતની વિવિધ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. તો સાથે જ પૂર સંભવિત, નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાના શરૂ કરી દેવાયા છે. મ્યુનિ. કમિશનર નાગરાજને આજે એક વિડીયો જાહેર કરી શહેરીજનો માટે વિવિધ સૂચનો જાહેર કર્યા છે. તેમણે જણાવ્યું કે આજે સાંજથી શરૂ કરીને આવતીકાલે તા.1લી સુધી શહેર-જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. જેના સંદર્ભમાં મ્યુનિ. તંત્રએ કલેક્ટર તંત્ર અને પોલીસ વિભાગના સહયોગથી રાહત-બચાવ માટે વિવિધ તૈયારીઓ સંપન્ન કરી દીધી છે અને કેટલીક હજુ ચાલુ છે. તેમણે જણાવ્યું કે ખાડીપૂર અસરગ્રસ્ત કે નીચાણવાળા વિસ્તારો કે જ્યાં પાણીના ભરાવાની શક્યતા વધુ છે, ત્યાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાનું શરૂ કરી દેવાયું છે. આવા લોકોને નજીકના સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે અને તેમના ભોજન-પાણી સહિતની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ વખતે વરસાદ સાથે ભારે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી મ્યુનિ. દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં જાહેર હોર્ડિંગ્ઝ તેમજ નબળા સ્ટ્રક્ચરો ઉતારી પાડવામાં આવ્યા છે. જુના નબળા થઈ ગયેલા વૃક્ષોના ટ્રિમિંગ કે તેમને ઉતારી પાડવાનું પણ ચાલુ છે. હાઈમાસ્ટ ટાવરને પણ નીચે ઉતારવામાં આવી રહ્યા છે. કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર પણ રસ્તાઓ અને મશીનરીઓને સેઈફ સ્ટેજ પર લાવવા બિલ્ડરોને તાકીદ કરી દેવામાં આવી છે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જરૂરી કામ વિના આ સમયગાળા દરમિયાન બહાર નીકળવાનું ટાળે. વરસાદ કે પવન દરમિયાન હોર્ડિંગ્ઝ કે વૃક્ષો નીચે જવાનું ટાળે. અફવાઓથી દૂર રહી માત્ર વિશ્વસનીય સૂત્રોનું માને અને તંત્રને સહકાર આપે.

### NDRF-SDRFની ટીમો સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત, તમામ પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર ખડેપગે

મ્યુનિ. કમિશનર નાગરાજનના જણાવ્યા મુજબ NDRF-SDRFની ટીમો સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરી દેવામાં આવી છે. બચાવ-રાહત માટેના તમામ સાધનો, મશીનરી ફાળવી દેવામાં આવી છે. પાણીના ભરાવા કે અન્ય કારણોસર જો સ્થિતિ કાબૂ બહાર જતી જણાય તો જાહેર માર્ગો બંધ કરવાની પણ તૈયારી કરી દેવામાં આવી છે. કોઈપણ કુદરતી આફતને પહોંચી વળવા માટે તંત્ર ખડે પગે છે.

This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.